# બોરસલ્લી

રંગભૂમિના
લોકપ્રિય ગીતો

V 891.471
Dvi/Bor
76730

પ્રભુલાલ દ્વિવેદી

THE LIBRARY

S. N. D. T.
WOMEN'S UNIVERSITY
BOMBAY.

S. N. D. T. WOMEN'S UNIVERSITY.
LIBRARY.

27 FEB 1981

27/2/81
xv, 160 pp.
12/-

# બોરસલી

(જૂની રંગભૂમિના લોકપ્રિય ગીતો)

પ્રભુલાલ દ્વિવેદી

V 891.471 / Dvi/Bor
76730

એન. એમ ત્રિપાઠી પ્રા. લિ.
બુકસેલર્સ : પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

પહેલી આવૃત્તિ
સપ્ટેમ્બર-૧૯૭:

*

(C) શ્રી મુકુંદ ગોરડીયા
દેશી નાટક સમાજ,
ભાંગવાડી, મુંબઈ-૨.

— અને —

શ્રી વિનયકાંત દ્વિવેદી
૨/એ દર્શના
વિઠ્ઠલભાઈ રોડ,
વિલેપારલા (વેસ્ટ)
મુંબઈ-૪૦૦૦૫૬.

*

મૂલ્ય રૂ. બાર

*

મુદ્રક :

હરેન્દ્ર કંસારા
વિશાલ મુદ્રણાલય,
સી./૨૮, ઉદ્યોગનગર,
નવસારી ૩૯૬ ૪૪૫

*

પ્રકાશક :

જ્યોતિ પ્રકાશન
૨એ દર્શના
વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
વિલેપારલા (વેસ્ટ)
મુંબઈ-૪૦૦ ૦૫૬.

## ઓરસલ્લીના પ્રકાશન પ્રસંગે:-

સાડાચાર દાયકાની ગુજરાતી રંગભૂમિની સેવા દરમ્યાન મારા સ્વ. પિતાંશ્રી પ્રભુલાલ દ્વિવેદીએ હજારો ગીતો રચ્યાં. જેમાનાં ઘણા ખુબજ લોકપ્રિયતાને વર્યાં. આજે પણ આ ગીતોનું નાટ્ય રસિકોમાં એક અનોખું આકર્ષણ છે. મને આવાં ગીતોને ગ્રંથસ્થ કરવા – શ્રી ચંદ્રકાંત યાજ્ઞિક અને મુકુંદરાય ગોરડીયા જેવા મિત્રોએ પ્રોત્સાહિત કર્યો, અને આ પુસ્તક આકાર પામ્યું.

આજ સુધીમાં–તેમની પુસ્તકરૂપ પામેલી કૃતિઓમાં–વિદ્યા-વારિધિ, સામે પાર, વાણી અને વીણા, શંકરાચાર્ય, સપ્તરંગ અને વડીલોના વાંકે પછી આ પુસ્તકનો ઉમેરો થાય છે. હવે પછી માલવપતિ અને પૃથ્વીરાજને ગ્રંથસ્થ કરવાની ઈચ્છા છે.

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજના ઘણા બધા નાટકોમાં મુરબ્બી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ અને પિતાશ્રીએ ગીતો સાથે રચ્યાં છે. સંભવ છે કે કોઈક ગીતોની પંકિતઓ રઘુનાથભાઈની પણ આ પુસ્તકમાં આવી ગઈ હોય તો તેમનું એ ઋણ છે અને રહેવાનું.

આ પ્રકાશન કાર્યમાં મેં અનેક મિત્રો અને શુભેચ્છકોને સહભાગી કર્યા છે જેમનો ઋણ સ્વીકાર કરૂં છું. પુસ્તકના ગીતોને વાંચી માણીને આવકારવા બદલ મુરબ્બી શ્રી જિતુભાઈ પ્ર. મહેતાનો આભાર માનું છું.

આ ગીતોની બંદિશો બાંધનારા – સદ્દગત ઉસ્તાદો ને સંગીતકારો મૂળચંદમામા, લલ્લુભાઈ નારણજી–ઉસ્તાદ, હમીરજી–ઉસ્તાદ, કાસમભાઈ ગોરધન–ઉસ્તાદ, જેઠાલાલ અને વિદ્યમાન મા. મોહન જુનીયર તેમજ કલાકારો સ્વ. માસ્ટર અશરફખાન કાસમભાઈ, મુન્નીબાઈ, મોહનલાલાજી, ભગવાનદાસ, મા. ગોરધન મા. વસંત ઉપરાંત મોતીબાઈ, કમળાબાઈ, રામપ્યારીબાઈ–શાલિની મનોરમા–રૂપકમલ–સૂર્યકુમાર જેમનો કંઠ આ ગીતોને સાંપડયો છે. તે સૌને સહૃદયે યાદ કરી લઉં છું.

વિનય દ્વિવેદી

# ‘ અ ર્પ ણ ’



શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ

શ્રી દેશી નાટક સમાજ

રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ

ગં. સ્વ. ઉત્તમલક્ષ્મીબેન

મુરબ્બી નંદલાલભાઈ

તથા

આ ગીતોના–મંદિરકારો–કલાકારો–કંઠદાતાઓને

ઓરસહ્લીની આ પુષ્પમાળા સાદર

વિનય પ્ર. દ્વિવેદી

# "મનની મ્હેક"

નાટકની માટી, એમાં પાત્રો હોય, અભિનય હોય, પ્રસંગો હોય, સંવાદો હોય, સજાવટ હોય,......પણ નાટકની માટીને ભીની કરે, તે ગીત સંગીત. ભરત નાટયશાસ્ત્રના ૨૮ માં અધ્યાયમાં રંગપીઠ પરના વાદ્યકારનો ઉલ્લેખ છે. તત્ એટલે તંતુવાદ્ય, અવનદ્ય એટલે તબલાં કે પખાવજ, ઘન એટલે ઝાંઝ કરતાલ અને સુષિર એટલે વેણુ–પાવો વગેરે, વાદ્યો સાથે પાત્ર ગીત ગાય પ્રાચીન યુગમાં આ પ્રકારનાં વાદ્યો હતાં. એમાં ફેરફાર થયો અને આધુનિક યુગમાં હારમોનિયમની પેટી, તબલાંએ નાટકમાંનાં ગાનારાંની સંગત કરવા માંડી. આ પછી તો વાયોલિન, ગિટાર વગેરે પણ ઉમેરાયાં. આ તમામનો આધાર તો કવિ, એટલે ગીતકાર.

જૂની રંગભૂમિમાં ગાયનો હોવાંજ જોઈએ. આ આગ્રહ કવિનોજ નહોતો, નાટયકારનો પણ હતો, કારણ કે તખ્તા ઉપર પ્રસંગો આકાર પામે, કટોકટીની ક્ષણ આવે અથવા મનમરોડની સ્થિતિ જાગે ત્યારે ગીત હાજર થાય. શબ્દો અટકે, ઊર્મિની માળાનાં ખાસ મોતી ત્યારે ગીતો બને, બીજા અર્થમાં ગીત પણ ભાવના અંગેની ખાસ ભૂમિકા ભજવે.

ગુજરાતની રંગભૂમિ સાથે જે નામ જડાઈ ગયું છે. નાટયકલાનાં રંગીન પુષ્પો સાથે જે સર્જકે એમાં સુવાસ રોપી છે, એવા કવિશ્રી પ્રભુલાલભાઈ દ્વિવેદીનાં લોકપ્રિય ગીતોના આ સંગ્રહને "બોરસલ્લી"નું નામ આપવામાં આવ્યું છે. બોરસલ્લીના ફૂલો કરમાય તોય એની સુગંધ ઉડી જતી નથી. આજે નાટકમાં ગીતો આવતાં નથી. અને એ કલા કરમાઈ રહી છે, ત્યારે આ પુસ્તકના ગીતો, ખીલેલાં અને સુવાસિત અનુભવાય છે. શબ્દ અને સ્વરની આ ગોઠડી એ અસરની આ બે આંખડી

કવિશ્રી પ્રભુલાલભાઈ પ્રથમ નાટયકાર એમણેજ પ્રસંગોની આંખમાં આ સુરીલો ટાઢક આપે એવો ગીતનો સુરમો આંજ્યો. સંગીતકારોએ ગીતોને બંદિશોમાં બહેલાવ્યાં, એમાં રાગોનું અંગ ભળે પણ રાગના શાસ્ત્રને બદલે 'ગુજરાતીપણું' ભળે એની ચીવટ સ્વરકારોએ રાખી, કારણ કે નાટકનાં ગીતો, શ્રોતાઓ અને પ્રેક્ષકોનાં કંઠને આંબતાં અને લોકપ્રિય ગીતો ગવાય ત્યારે નાટયપ્રેમીઓ આ ગીતો સાથોસાથ ગણગણતા.

પ્રભુલાલભાઈએ કાવ્યતત્ત્વના આ મહિમાને પણ ગીતનો મોંઘો મહેમાન ગણ્યો આ મહેમાનદારી કેવા પ્રસંગે છલકે !

"સુંદર સાંજ એની એ
મનના ભાવ એવી ભાસે,
નવીન પ્રેમ પળ પળ ઉભરાતો
દિનભરની ભેગી થઈ વાતો
કહીએ સાંજે કર લઈ કરમાં
બેસી પાસે પાસે"

સાંધ્યસ્વરૂપ અને પ્રીતની લાલિમાની આ મિલાવટ–કાવ્યતત્ત્વ સાથોસાથ આમાં જે ચિત્ર છે, 'બેસી પાસે પાસે આ શબ્દો એટલે પ્રભુલાલભાઈની શબ્દપીંછી.

બોરસલ્લીમાં લોકપ્રિય થયેલાં ગીતોનું જે ઝૂમખું છે. એમાંથી શબ્દો માણી શકાય, પણ ગીતોનાં સ્વરો તો કોઈક કોઈક રેકર્ડોમાંથીજ સાંભળી શકાય તેમ છે. જનસમુદાયનાં મનમાં ભાવનાનો માળો બાંધવા માટેની ખાસ દૃષ્ટિ એટલે આ ગીતોની બંદિશો જે જવલ્લેજ અટપટી હોય. ગુણવાન સંગીતકાર એની નકશી જરૂર અજમાવે, પણ તે લોકપ્રિયતાના ભોગે તો નહીં જ. કોઈ કોઈ બંદિશકારે ગુજરાતી ગીતોમાં શાસ્ત્રીય રાગો પણ અપનાવ્યા છે, પણ તે અમુક હદમાં રહીને જ. એક નાનું ઉદાહરણ છે–

"અહિં એક પ્રવાસી પથ ભૂલ્યો
મતિ મોહ ને પંથ મૂંજાઈ ગઈ
મોહાંધ થયા પછી આંખ મળી
પણ પ્રાણની પાંખ કપાઈ ગઈ."

આ ગીતની બંદિશમાં સ્વરકાર અવળા પંથે જનારા એક પાત્રનો નિસાસો સ્વરમાં ઝીલે છે. લલિત રાગની એ સરગમ–પશ્ચાતાપ વ્યક્ત કરે છે. બે મધ્યમનો લગાવ, કોમળ, રિષભ, અને સારૂંય સપ્તક ઉદાસીને ય શણગારે છે. 'પણ પ્રાણની પાંખ કપાઈ ગઈ.' આ લીટી અવરોહમાંથી ષડજ પર આવે છે, ત્યારે ઘેરા રાગનો અનુભવ થાય છે.

પડદો ઉઘડે, સ્તુતિ ગવાય શંકરા રાગમાં કાંતો કેદારમાં, અથવા કલ્યાણમાં ખાસ કરીને ખમાજ પહાડી, પિલુ, ભિમપલાસ, ભૈરવી, કાફી આવા રાગોનાં અંગોને ગુજરાતી વાઘા પહેરાવવામાં આવે. હા, ગીતો તાલ જાળવે, કોઈક કઠીન તાલને પણ નિભાવે, સમાલે.

હવે આપણે પ્રભુલાલભાઈનાં ગીતોની ભીતરમાં જઈએ, આ સ્વર શબ્દની સરવાણી વહેતી રહી અને એ કહેતી સાચી પડી ગઈ કે "વહેતાં પાણી નિર્મળાં ?"

પ્રભુલાલભાઈએ ૧૯૧૭ માં અહલ્યાબાઈ નાટકમાં ગુજરાતી ગરબાનાં મંડાણ કર્યાં હતાં.

"વીજળી ઝબૂકે, આજ વાદળી આકાશે ચડી,
ગાજે સખી, ગગન ઘોર, મોર કરે ટહૂકાં મીઠા,
વિયોગી રસિક નાર વાટ જોતી ઝરૂખે ચડી."

આ ગરબામાં કવિએ વીજળીના ઝબકારા સાથે રસિક નારનાં મનમાં ઝબકતા સ્મરણને મિલાવ્યું વાદળી આકાશે ને વિજોગણ

ઝરૂખે, પ્રકૃતિ અને માનવમનનો મેળ, કવિદિલને હલબલાવે તેવો નથી? ઉપરાંત ચારણી છંદની જે રમઝટ, એ આ ગરબામાં આવી ગઈ.

એક મીઠો છતાં પહાડી અવાજ, સુરથી તરબતરે ભરેલો તે માસ્તર અશરફખાન–ગાયકી તો એને વરેલી જ હતી.

"હૃદયના શુધ્ધ પ્રેમીને નીગમનાં જ્ઞાન ઓછા છે" આ ગીતમાં અશરફખાં સાહેબની ગાયકીને છવાઈ જવાની અમૂલ્ય તક સાંપડી ગઈ. અને ગાયન વન્સમોર મેળવે જ એટલે તો કવિએ દોહામાં ભાવ રોપ્યા નાટક માટે આ પધ્ધતિ સફળ અને પ્રશસ્ય પણ ખરી જ. અને દોહરા પણ કેવા—?

"પ્રેમ આંધળો સહુ કહે કાપે દિલની પાંખ
(પણ) પ્રેમે અંધ થયા વિના નથી ઉઘડતી આંખ."

તેમાં પણ "ઉઘડતી આંખ" એ શબ્દો અશરફે રજુ કરવા જ નહોતાં પડતાં–પ્રેક્ષકો જ તે ગણગણી ઉઠતા.

હવેનું એક ગીત છે એની પાછળ એક નાનો શો ઈતિહાસ છે. કવિએ એક મુખડો આપ્યો–ઉસ્તાદને કહ્યું કે ઉસ્તાદ "જરા વજન સમજાવુ" ત્યારે ઉસ્તાદે કહ્યું "મને તમારે વજન સમજાવવાં પડશે?" કવિએ મુખડો લખેલી ચબરખી ફાડી નાંખી–થોડીક પળો પછી કવિએ શબ્દો આપ્યા.. "કહેજોકે કયારેક અમને સંભારે બીજુ કાંઈ કહેવું નથી" સંગીતકારને મુખડો સોંપ્યો ગદ્ય જેવું જ લાગે, ઉસ્તાદો એ મથામણ કરી, કલાકો સુધી મથ્યા કવિને પૂછ્યું "વજન બરોબર છે?" કવિએ હા પાડી એટલે મગચંદમામા એ અવાજ કર્યો–"ઉસ્તાદ સંગીતકાર ખરા, પણ કવિપાસે એના કવનનો હિસાબ હોય–એની ઈજ્જત કરો" અને

અને પ્રભુલાલભાઈ એ માત્રા મેળને શબ્દો પર વજન સહિત પેશ કર્યો. ઓફ-બીટ તાલની આમાં ખૂબી-કહેજો કે, કયા-રે-ક આ કયારેક પર કવિશ્રીએ વજન મૂકયું ને તુર્તજ ઉસ્તાદે વજન પકડી લીધું. મિશ્ર, ભીમપલાસી રાગ માં બંદિશ રચાઈ અને પૃથ્વીરાજનું એ ગીત બની ગયું.

એજ, પૃથ્વીરાજ ચોહાણ નું એક બીજું ગીત –

"રંગભીના રસરાજ આજ ધીમે ધીમે
ડંખ દીધા દિલડાં ને આજ ધીમે ધીમે"

જેમાં મિશ્ર ખમાજ અને ઠુમરીની તાસિર-અને તેના ઉપર -અશરફ ને કંઠે-હોરી નું ગીત-

"હો રસિયા રમીએં ભોગ વિલાસ
જીવન વસંત-વહી વહી જાશે
વહી જાશે મધુમાસ-

કાનમાં હજુ પણ એ સુરોના પડઘા પડે છે ને તખતો આંખ સામે મંડાઈ જાય છે.

નાટકમાં ગઝલનો રણકાર અને તે પણ ૫૦/૫૫ વરસ પહેલાં-પૃથ્વીરાજનું એ કથન-

"નથી માટી પ્રસાદી એ જીવનધનથી વધારે છે.
ગુમાવી પૂણ્યભૂમિ એ હૃદય આજે વિદારે છે."

જે સાંભળીને ગઝલ સમ્રાટ શયદા પણ ઝૂમી ઉઠયા હતા. એ ગઝલ એટલે દેશની માટી ભારત વર્ષની માટીનો મહિમા અને તેનાં પર ભાવનાનું તોરણ બાંધતા પ્રભુલાલભાઈ.

"જેવી કરે જે કરણી તેવી તરત ફળે છે,
બદલો બુરાભલાનો અહિંનો અહિં મળે છે"

સિરાજ—બેહાલ ભટકતો ઉપરોક્ત પંક્તિ ગાય છે, આજે પણ આ પંક્તિઓ જીવંત છે, અને રૂપાંતરીત થતી રહેતી હોય તેવું લાગે છે.

"જવાની રાતે રિસાઈ બેઠાં
મનાવવા ગઈ તો કહે કે 'ઉંહુ'."

'સંસાર સાગર' નાટકમાં રિસામણાં અને મનામણાંની મૃદુ અભિનયકલા છે. શબ્દોચ્ચાર આ અભિનયને વ્યકત કરે છે. 'ઉંહુ' શબ્દમાં અદા છે, ભાવ છે, ભાષા છે, કવિતા છે, અને ઘણું કહી નાંખે છે.

"સત્તાનો મદ" નાટકમાં એક ગઝલ છે, કે—

"જો કદી મસ્તી યુવાનીમાં નથી–તો કંઈ નથી,
જો અપાર તરંગો પાણીમાં નથી તો કંઈ નથી."

યૌવન પોંખાતું આવ્યું છે. પણ પાણીમાં તરંગ નથી એમ જણાવીને કવિ પાણીમાં જ અનેક તરંગોને વહેતા કરે છે, અને યૌવનને છલકાવે છે.

આજ નાટકમાં કવિશ્રીએ સરળ શબ્દોમાં યોગને સમાવ્યો છે.

"કોઈનો ભય ધરતો નહીં–પોતાથી ભય પામ,
પરમ તત્વ છે એજ કે (તું) તારામાં લય પામ."

યોગી પતંજલિનો આ યોગ બોલ કવિના અનેક વિધતા ભર્યા ઉંડા અભ્યાસની અનુભુતિ કરાવે છે.

"કેમ કરી પાણીડાં ભરાય રે
ભમરીયા કૂવાને કાંઠડે."

લોક પ્રિયતાની એક સીમાને વળોટીને–ઘેર ઘેર ને ગામડે ગામડે આ ગીત ગૂંજ્યું. નાટકશાળાની બહાર ગયું, અને અસંખ્ય કંઠોમાં રણકતુ થયું.

"આ ગામમાં તે શે રહેવાય
મીટયાં પાડોશી દેખી બળી જાય
મારૂં નામ પાડયું છે સંતુ રંગીલી."

અજયધારા નાટકનું કવિશ્રીનું આ ગીત–તો આજે પણ લોક ઝુમે છે. કારણ કે તેમાં તો આજના યુગનાં એક નાટકનું સફળ શિર્ષક સમાયેલું છે, 'સંતુ રંગીલી'.

"શુળીથી સંધાય નહીં પણ સાંધે નાની સોય
માનવમાં સદ્દગુણ ને દૂર્ગુણ બન્ને સાથે હોય"

સાંભરરાજ નાટક ઉપરની લીટીઓને ઝણઝણતી કરે છે. સોય જેવી નાની જડ વસ્તુ વિરાટ ચેતનને કેવું સંકોરે છે? આવી સચોટ પ્રભુલાલભાઈની પ્રાસાદિક ભાષા–તેમના ઘણાં ગીતોમાં પથરાઈ છે. રત્નાકર સામે છે. રતન મેળવતાં આવડે તો?

એજ નાટકમાં એક ઉંચો સંવાદ છે, એનું સ્તર ઉંચુ છે. ફિલસૂફી ભરી છે, છતાં કવિતાનો રણકો છે, રસ છે. એવા સનાતન પ્રશ્નોની છેડછાડ છે જે નિરંતર નિરૂત્તર છે.

"શેરડીને કાં ફૂલ ન દીધાં?
બુલબુલ કોયલ કાળાં કીધાં?
કેવડીયાનાં પાન કુમળાં કાંટે કાં રળિયાત?
એનો જવાબ કંઈએ ના જડયો.
પિયુને પૂછી એકજ વાત એનો જવાબ
કંઈએ ના જડયો."

પ્રકૃતિની અગમ્ય કરામતની કવિએ છડેચોક છડી પોકારી છે.

'સંપત્તિ માટે' માં જે ગીત છે એની સુરાવલિમાં તિલંગ રાગની મધુરપ ભળી છે. અને આ ગીતમાં જે કાવ્ય તત્વ છે એ સમજીએ–

પ્રેમ લક્ષણા ધૂન જમાવી
નખલી આ નયનોની બનાવી
જીવન મનના તાર મિલાવી
આતમ બિન બજાવે

નયનોની નખલી અને આતમબીનના તાર–પતિ પત્નીના જીવન વહેવાર ની વાત–બન્નેની ભાવનાઓ–ખેવનાઓ–ઈચ્છાઓ –ઉમ્મીદો–

"વિષયપંક પૂરી પાયામાં
ઉપર તુલસી વાવે–
એ દિન ક્યારે આવે"

શુધ્ધ કાવ્યતત્ત્વનો આ રણકાર, કવિ અહીં કરી જાય છે.

"તોફાન આજ જામ્યું–" (ક્યાં ?—)
"મનને સુબુધ્ધિ સાથે–"

ચંચળમન અને સ્થિર ચિત્ત વચ્ચેની આપલે–
સૂઝે નહીં નિવેડો–કોનું કહ્યું હું માનું–?
"બુધ્ધિ કહે સંસારી છો–સ્વાર્થ સંભાળો
આદર્શ નિરાળા ને વહેવાર નિરાળો"

અહિં કવિ–પ્રશ્ન અને એનો તોડ કાવ્યમય છતાં સચોટ રીતે હાજર કરે છે.

હા, લેખક, નાટયકાર–કવિ–સમાજ ને અનેકરીતે જવાબદાર છે. તેની આંખ સમાજ પર ફરવી જોઈએ—આળાં કવિ હૃદયને સામાજિક અસમાનતા ખટકે અને એ વ્યથા દર્શાવે.

"ધનવાન જીવન માણે છે,
નિર્ધન એ બોજો તાણે છે"

કોઈપણ "વાદ" ના વિવાદ માં ઉતર્યા વિના કવિ એમનાં મસાજિક અંતઃકરણને અહીં ઢંઢોળે છે.

એજ નાટકના એક ગીતમાં પ્રભુલાલભાઈ દર્દની દોલતને વહેંચે છે.

કોયલના કંઠમાંથી–
બુલબુલની ચહકમાંથી દર્દ જશોના–

આ દર્દ એ સમજદારની દોલત છે. જિગરની જાહોજલાલી છે.

એક પ્રસંગ ઝબકે છે,–ગુજરાતના પત્રકાર, તેજસ્વી સાહિત્યકાર, તત્વજ્ઞાની સ્વ. કવિશ્રી કરસન માણેક પાસે–આવીને એક ભાઈ કહે છે, કે ગુજરાતી નાટકના ગીતો એટલે જોડકણાં કરસન માણેક તેને પડકારે છે. લલકારે છે. "સાંભળ–કવિ પ્રભુલાલનું એક નાટકનું ગીત–

"પાસું પ્રભુએ ફેરવ્યું પૂછયું શ્રીને એમ—
શૈય્યા શીતળ શેષની ઉની લાગી કેમ?"

અરે. આમાં ધર્મ છે, ઉદ્દેશ છે, વિચાર છે, કાવ્ય છે, આને જોડકણું ન કહેવાય—ભાઈ."

ધરણીનાં હૈયાં દાઝયાં–કારણ કે ધર્મ–ક્ષમા સેવા લોપાયાં–અને શેષ શૈયા પણ ઉની થઈ ગઈ, આ સંતાનોના વાંકનું ગીત છે.

"કયાંથી લાગ્યો રે – કોણે દીધો રે,
મેંદી, આ રંગ તને પ્રીતડીનો.

સમય સાથેના આ ગીતમાં–મેંદીના રંગની છાકંછોળ છે. શબ્દસંગીતની નકશી છે. આખું ગીત રંગસ્નાન કરે છે–

પ્રભુલાલભાઈ પાસે એક સવારે માસ્ટર કાસમ આંખો ચોળતા આવ્યા–ત્યારે–સુર મોહિની એટલે હોથલ પદમણીના ગીતો બની રહ્યા હતાં–માસ્ટર કાસમે આવીને કહ્યું કે "મુરબ્બી–આજે હારમોનીયમ પર નથી બેસતો, આંખમાં કણું પડયું લાગે છે."

કવિ એમની ધૂનમાં હતા. કાસમભાઈની શિકાયત શાયરીમાં ઉતરીને કવિએ મુખડો બાંધ્યો.

"રોતી નથી હું બહેન–આંખમાં કણું પડયું,
એથી રાતાં સલુણાં નેણ–આંખમાં કણું પડયું."

"શંભુ મેળો"માં સુનીતા ગાય છે.

"હું શિખી કેવળ બે અક્ષર 'શ્રદ્ધા' એ મારૂં જીવન છે."

જીવન માટેનું આશ્વાસન આથી મોટું બીજું કાંઈ છેજ નહીં.

"નાના બાળકને પયપાન કોણે શિખવ્યું ?
કહો કોયલને પંચમગાન કોણે શિખવ્યું ?"

પાટી પર કે પરીક્ષાનાં પેપરોમાં આજે પણ આ પ્રશ્ન પૂછાય તો પ્રાધ્યાપકો પાસે પણ આના ઉત્તર મળે ખરા–આ તો કુદરતની દેન–કવિ 'સામેપાર' નાટકમાં કુદરતને આમ મસ્તકે મૂકીને ઝૂમે છે.

"તૂટી ફૂટી હોય ઝૂંપડી ખાવા મુઠ્ઠી ધાન
પણ જો ગુણિયલ હોય ગૃહીણી એ ઘર સ્વર્ગ સમાન."

"સોનાનો સૂરજ" નાટકમાં ગૃહજીવનનાં આ કિરણો સમાલ્યાં સ્રીજ ઘરને સ્વર્ગ બનાવે. આ નિર્મળ બોધ કવિએ આપ્યો છે. એજ નાટકમાં એક બીજું ગીત છે.

"હોયે મીઠી અર્ધી વાત
હોયે મીઠી અર્ધી રાત
અર્ધો ઉમંગો–અર્ધો રંગો.
હોય સદા રળિયાત–"

સંપૂર્ણતા–એટલે પૂર્ણવિરામ–પણ અલ્પવિરામની આરતી એટલે જીવનમાંની કેટલીક અધુરપો. એનું નામ જીવનની કલા–કવિશ્રીએ આ મીઠી અધુરપનાં અહિં ઓવારણાં લીધાં છે.

'વૈભવના મોહ' નાટકની ખાસ ક્ષણો–નાટકકારે પ્રસંગ ગુંથ્યો 'મા–'નો મહિમા વિસારી દિકરો દ્રોહી થાય છે, ભૂલ સમજે છે મા પાસે ક્ષમા માંગવા આવે છે. પ્રસંગનો ભોજ–ચોટની આવશ્યકતા – ક્ષણનું તાતું તીર–અને ત્યાં નાટ્યકારમાં રહેલો કવિ–ગીતકાર નાટકકારની મદદે આવે છે. ગીતે લગામ હાથમાં લીધી, પાત્રો અને પ્રસંગને નાટ્યતત્વ સાંપડયું, આ ગીત થકી–

"ક્ષમતા અગર જો તમે તજી (તો)
અમે ક્ષમા માંગવા ક્યાં જઈશું ?
જનનીના આશીર્વાદ વિના–
અમે ભીડ ભાંગવા ક્યાં જઈશું ?"

આ છે ગીતની ખાસ ભૂમિકા–સંવાદ જે ચોટ ન મારી શકે, કથા સાથે ઓતપ્રોત કરી લેવાની કવિની આ શક્તિ-

'ઉઘાડીઆંખે' માં પ્રભુલાલભાઈ સંસ્કાર અને સંસ્કૃતિના સિધ્ધાંત ને કેવા શબ્દોમાં નવાજે છે.

"કટકામાંથી કટકો ભાંગી
આપે જે બીજાને,
જમે થાય એ જગદીશ્વરના
ચોપડાને પાને,"

"વિધાવારિધિ" ભારવિમાં પ્રભુલાલભાઈ પ્રેક્ષકોને તેમની નાટક વિદ્યા—ગીત વિદ્યાના વારિધિમાં ખેંચી જાય છે,

કુંભ શિશ પર ધર્યો,
નિશાએ કુંભ શિશ પર ધર્યો,
ઉજળો અને અમીથી ભર્યો—

અમિતના શ્રમ હરવા માટે,
વિશ્વ સુધાથી ભરવા માટે
રજની રસભર કરવા માટે
અવનિ પર અવતર્યો

આ કુંભમાં તો છલોછલ કવિતા ભરેલી છે.

'સેવાભાવી' નાટકમાં–દિનચર્યા સમી ક્ષુલ્લકતામાંથી કવિશ્રી તત્વજ્ઞાનનાં તાંતણા મેળવે છે. ને લખે છે કે,

"કચરો વાળે છે. સંસારી રોજ સવારના–
છતાં ક્યાંકથી આવીને ઊભરાય—કચરો–
ઘરનો કચરો સૌ કોઈ વાળે, દિ ઉગ્યે સૌધર અજવાળે
મનનો કચરો વાળે તે, દિ, 'દિ' ઉગ્યો કહેવાય

રોજિંદા જીવન વહેવારની ક્ષુલ્લક વાતને–મન સાથે મિલાવીને કવિ ઘણું બધું કહી જાય છે. શું માણસાઈ મરી પરવારી છે? ના–હજુ મરી નથી–પ્રભુલાલભાઈ "સુખના સાથી"માં કહે છે કે.

"માનવતા જીવે છે, જગમાં માનવતા જીવે છે.
(ક્યાં?) ભૂલ્યો ભટક્યો કોક માનવી પ્રમાણ એનું દે છે.

માણસાઈના અખંડ આયુષ્ય માટે શંકા ઉપજે તેવું વાતાવરણ છતાં તેના ચિરંજીવ તત્વો માટેની શ્રદ્ધા–એ કવિ હૃદયનું નજરાણું.

પ્રભુલાલભાઈ કયારેક શબ્દોની રમત રમતા–અને એ રમતમાંથી પણ જીવનના પરીવાક જેવી નિપજ થતી–એવી એક રમત કવિશ્રીએ "સુખના સાથી"માં "અને, અને" શબ્દ ઉપર માંડી અને રમત જીતી ગયા—

અને, અને, અર્થ વગરનો શબ્દ–છતાં
પણ અર્થ ઘટાવે અને, અને,

બીજું કંઈ નવ સૂઝે ત્યારે હોઠે આવે અને, અને,

"બોરસલ્લી"ના આ સંગ્રહમાં આવાં સેંકડો બકુલના ફૂલોને ગુંથવામાં આવ્યાં છે જેની શબ્દોની મહેંક–સુરની મ્હેંક–આપણા મનની મ્હેંક બની રહે છે.

પ્રભુલાલભાઈ સાથેનો મારો નાતો અને સહવાસ જેમાંથી એમનાં–કવિજીવનની જે મધુરપ મ્હેં માણી છે, મનમાં જે કાંઈ કંડારાયું છે, તેમાંની થોડીક મીઠી સુગંધ બોરસલ્લીનાં આ ગીતો ને સ્પર્શ કરતાં મેં મૂકી છે. આ ગીતોનો સંગ્રહ ગાન કરતો નથી કારણ કે એને કંઠ નથી, એની પાસે તો છે. ટાઢાબોળ–કાગળો–ઉપર રમતી રંગીન શાહી–જે ગીતોની તાસિર અને અસર કેટલી સમજાવે?

મારે તો તો એટલુંજ કહેવાનું છે કે આ પ્રકાશન બહુ મૂલ્યવાન છે. જુનું નાણું છે, અરે સોનાં રૂપાનો ખજાનો છે. એમાં એક અદ્દભૂત રણકો છે.

નાટકનાં ગીતો. એ કવિતાની અંગત ઉજાણી ના થઈ શકે. એમાં તો કવિને બહુરૂપી બનવું પડે છે. જન સમુદાયને જીવનનો હેતુ બક્ષવો પડે છે. પહેલાં તો થિયેટરનું નામ નાટક શાળા હતું. રંજન સાથે હૃદયનું રૂપ કવિ ખીલવે. આ ક્ષેત્ર ટેકનીકલ છે. રંગભૂમિ અને જનતાને સાથે રાખી આ મર્યાદા સમજી કવિ એની પાંખો ને ભાવનાના ગગનમાં વિહરવા દે.

આજે કવિશ્રી પ્રભુલાલભાઈ–સદેહે આપણી સમક્ષ નથી પણ એમનો અક્ષર–દેહ રંગભૂમિની મોંઘી દોલત છે. બોરસલ્લીનાં ગીતો. આજે અને આવતી કાલે પણ મહેકતાં રહેશે. નાટક ભલે એક ધંધો હોય પણ આને જીવન સાહિત્ય અને કલા સાથે ખાસ નાતો છે. નાટકના કપાળે વિચારનું તિલક કરે, કવિ આવા સમર્થ નાટ્યકાર, કલાકાર–ચિંતક, કવિ પ્રભુલાલભાઈ ને કેમ ભૂલીએ?

વિલેપારલા. મુંબઈ— જિતુભાઈ પ્ર. મહેતા.
સપ્ટેમ્બર–૧૯૭૯

## —: આભાર :—

શ્રી ચન્દ્રકાંત યાજ્ઞિક

શ્રી જિતુભાઈ પ્ર. મહેતા

શ્રી મુકુંદ ગોરડીયા

શ્રી વેણીભાઈ પુરોહિત

શ્રી અમૃતરાવ શિંદે

શ્રી જ્યોતિધર દેસાઈ

શ્રી સુરેશ કુમાર

શ્રી મનુકુમાર શેઠ

ડો–શ્રી અરવિંદ ત્રિવેદી

શ્રી અવિનાશ દલાલ

શ્રી પ્રાણલાલ શાહ

શ્રી અશોક શાહ

શ્રી શરદ રાવ

શ્રી હરેન્દ્ર કંસારા

તેમજ

'ઓરસલ્લી' ને રંગરૂપ આપવામાં સહભાગી
થનારા આપ સૌનો આભારી છું.

વિનય દ્વિવેદી

16-130

## "સ્તુતિ"

મમ નમન સરસ્વતીને;
હે જનની, દુઃખહર,
શુભકર, પ્રગતિને,
મયૂર-વાહન શુભ્રવસના
પદ્મ-આસન બ્રહ્મતનયા
વાદ્ય વીણાધારિણી,
કર પુનિત ધરજે,
તિમિર હરજે
વિજય કરજે
પ્રણિત જનને.
મમ નમન સરસ્વતીને.

'દેવી વત્સલા' ૧૯૧૬ (કરાંચી)

'દાનવ મોહિની' (અમદાવાદ) ૧૯૧૭



સુંદર સાંજ એની એ મનના ભાવ
એવી ભાસે,

મદભર સાંજ એની એ,
મનના ભાવ એવી ભાસે.

કોઈ પ્રેમનાં કરે ઉપાસન
કોઈ પરમેશ ઉપાસે

દુ:ખના દિવસો હોય દોહ્યલા
સુખના નાના નાના

સવાર સુંદર બપોર મીઠા
સાંજભરી ઉલ્લાસે

સુખ આવે છે એક સામટાં
જીવન ચડતું ઝોલે,

હૈયાં ડોલે હર્ષ હિંડોળે,
પ્રેમલ જ્યોતિ પ્રકાશે

નવીન પ્રેમ પળપળ ઉભરાતો
દિનભરની ભેગી થઇ વાતો

કહીએ સાંજે કર લઈ કરમાં
બેસી પાસે પાસે

"સુરેખા" (શ્રી દેશી નાટક સમાજ)
(૧૯૪૯) ગાનાર પાત્ર સુરેખા

ફુતાં સંસારવાડીમાં અમે પુષ્પો પ્રભાવાળાં
થતાં ઉષા ખીલ્યાં'તાં ને રહ્યાં'તાં ખૂબ રઢિયાળાં
ડૂબ્યો ભાનુ વીતી સંધ્યા નિશા થઈ ઘોર અંધારી
રહ્યાં તે પુષ્પ પણ તેમાં સુગંધી પુષ્પની ન્યારી
સહુ જાણો સુખોનો અંત, આવો દુઃખમાં થાશે
કળી ખીલી, સુકાશે ને પ્રબળ વેગે ખરી જાશે
અરે તેથી ખર્યા પહેલાં ભલું કર કંઈ જીવનભરમાં.

નાટક "વીર કુણાલ" (શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ)
(૧૯૧૭) ગાનાર પાત્રો કુણાલ ને કાંચન



સમય જો હોય સારો તો બધો સંસાર સારો છે.
સમય સારો સિધાવ્યો ત્યાં, નહીં સંસાર તારો છે.
ચડે વાદળ, ચડે ભરતી, ચડે જોબન, વધે લક્ષ્મી.
ઘડીમાં તે પડી જાતાં સમયનો રંગ ન્યારો છે.
સમય સારે ન સારૂં જે કરે તે સહુ ગમારો છે.
પછીથી ખાય તે ખત્તા સમયનો રંગ ન્યારો છે.

નાટક "વીર કુણાલ" (૧૯૧૭)

ગાનાર પાત્ર :- કુણાલ

JG 730



દુનિયા અજબ રંગત ભરી

જળ વાદળ સમ પલપલ પલટે રંગત સ્થિર ન જરી.
એ વિષવેલી દુઃખભરેલી વિષમ વિષય રસ ધરી
એક વિપત્તિ જ્યાં વિચરી ત્યાં અનેક આવે ફરી
જોઇ વિપત્તિ મનની સઘળી સમતા જાતી સરી
જન્મ-અટવીમાં સહુ જન ખાતાં ખત્તા ખંત જ કરી
તો પણ તૃષ્ણા આશા ત્યાગી ભજે ન ભાવથી હરિ.
દુનિયા અજબ રંગત ભરી.

નાટક: અહલ્યાબાઈ-૧૯૧૭ — ગાનારપાત્ર
(શ્રી કચ્છ નીતિ દર્શક નાટક સમાજ) — અહલ્યા



દુનિયા તણા દીવાના દિલભર મજાઓ લૂંટે
તૂટે જીવનની દોરી આશા છતાં ન છૂટે.
બાળક મટી યુવાની આવે ભલે દીવાની
તન ધન મળે તરુણી આશા છતાં ન છૂટે.
આવે પછી બુઢાપો ધોળાં થતાં નિમાળા
રે બાકી લાઠી લાળા આશા છતાં ન છૂટે.
પડી જાય દેહ પાપી મરી જાય મન કદાપિ
મળી જાય માટીમાં સહુ આશા છતાં ન છૂટે.

નાટક – અહલ્યાબાઈ – ૧૯૧૭
(શ્રી કચ્છ નીતિ દર્શક નાટક સમાજ)

ગાનાર પાત્ર
અહલ્યા

7C730



હો રાજ સમી સાંજના આવજો રે,
સામી સડક પર બંગલો
મીઠા મહેમાન આજ આવજો રે,
સામી સડક પર બંગલો
પ્રીતિ સરવરની પાળે પાતળીયા
અમીરસ પીજો પીવરાવ જોરે,
સામી સડક પર બંગલો
કાયાને કયારડે બહેકે કસ્તુરી
લહેરખડાં લૂંટજો લુંટાવજો રે,
સામી સડક પર બંગલો.

નાટક– 'અહલ્યાબાઇ' ૧૯૧૭
ગાનાર પાત્ર: કપૂરી (પ્રહસન વિભાગ)

વીજળી ઝબૂકે આજ વાદળી આકાશે ચડી
ગાજે સખી ગગન ઘોર મોર કરે ટહુકા મીઠા
વિયોગી રસિક નાર વાટ જોતી ઝરૂખે ચડી
આષાઢી વાદળીને પૂછે સખી પંથે મારાં કંથ દીઠાં.

બોલી પિયુ પિયુ જોર કરી ઘનઘોરમાં
શોર કરે રે બપૈયા,

મેઘનું નીર, ને શીત સમીર, કરે
મયૂરી નૃત તાતત્ થૈયા

પૂછી વાદળીને વિરહાનળથી બળતી
વળતી જુવે બહાવરી બાળા.

જોઈ સખી પરિરંભણ પામતી જામતી
અંતર જોબન જ્વાળા.

વાટ જોતી થાકીને પિયુ ના'વિયા,
રાત જાગી પોઢે પરભાત રે ત્યાં
આવે નાવલિયો નીંદમાં.

સ્વપ્નમાં કેલી, રહી રસરેલી ત્યાં ઘેલી
થકી ઘનશ્યામ રિસયાં,

એક નિમેષ વિશે હૃષીકેશજ કુંજ
નિકુંજ મહીં લપટાયા

ગોતી રહી લળી, જોતી રહી કહી,
કૃષ્ણ મનોહર આહીરજાયા

અંતર્યામી એ સાદ સુણી સલૂણી
સમીપે પ્રકટયા જગરાયા,
આંખે આંખડી મળી રે,
ભ્રમર પાંખડી મળી રે;
પ્રભુ આવ્યા કે પ્રભાત
કહો ભેટી ભલી ભાત.

નાટક :– "અહલ્યાબાઈ" ૧૯૧૭
ગરબો – ગાનાર પાત્રો – તારા અને સખીઓ.

* મેના પોપટ વેદ વદે જ્યાં
બોલે મીઠી વાણી
એ છે ઘરની એંધાણી.
હોમહવન જ્યાં રહેતા જારી
સરસ્વતી જ્યાં છે વસનારી,
મંડનમિશ્ર તણું ઘર ભારી
દેવો રહ્યા વખાણી
એ છે ઘરની એંધાણી
કર્મકાંડનો જે અભિમાની
જેના સેવકજન પણ જ્ઞાની
જે મંડન ઘર તજી ગુમાની
પંડિત ભરતા પાણી
એ છે ઘરની એંધાણી

નાટક : શંકરાચાર્ય ૧૯૧૮/૧૯૩૪
(શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ)
ગાનાર પાત્ર : પનીહારીઓ

પ્રસંગ :-

*મૂળ સંસ્કૃત પંક્તિઓ ઉપરથી—

મંડનમિશ્રનું ઘર ક્યાં? એમ શંકરાચાર્ય પૂછે છે જેના જવાબમાં તેના ઘરની એંધાણી પનીહારીઓ આપે છે :—

સંસાર સુખ દેનારો, અમૃતમય મન હરનારો
સુખીયાં છે સૌ સંસારી, સંન્યાસ દુઃખ કરનારો
ખાવું પીવું પટકૂળ પહેરો વળી લલિત લલનાની લહેરો
વાત હૃદયમાં ધારો ભગવાં તમે ઉતારો.

દેહ ઉદ્ધારણ ધાર્યાં ભગવાં સાધુ શોભા એ નવ તજવાં
ભોગ રોગ કરનારો સંસાર સાપનો ભારો

ભાન ભૂલ્યા દીસો સન્યાસી,
પરણ્યા વીણ પ્રમદા સુખરાશી
મિથ્યા જન્મ તમારો, છે પ્રેમ
પ્રભુને પ્યારો,

અમે પ્રેમ ને તજી વિષયનો, કર્યો પ્રેમ પરિબ્રહ્મ અભયનો
મોહ કૂપ આખારો તજી કર્યો સફળ જન્મારો.

નાટક– "શંકરાચાર્ય"
પનીહારીઓ અને શંકરાચાર્ય વચ્ચે સંવાદ

કામથી અજય મનાતી માયા,
કારણ એના અજય બાણથી
કહોના કોણ ઘવાયા?

માયા છે જગની મહારાણી
જેનો વિજય સદાનો,

ક્રોધ લોભ એના લડવૈયા —
મદને મોહ પ્રધાનો

કામદેવ તેનો સેનાની
એથી દુર્જય માયા.

સોળકળાઓ સોળ તિથિએ સોળ-
-અંગમાં વ્યાપે,

શુક્લે કૃષ્ણે હોય વિપર્યય
પ્રેમ પ્રબળતા સ્થાપે.
વિશ્વામિત્ર સમા મુનિઓ પણ એને ફંદ ફસાયા.

નાટક – 'શંકરાચાર્ય'
ગાનાર પાત્ર : રાજા અમરક



ઉછળે તરંગમાલા કિનારે કિનારે,
ઊર્મિતણા ઉછાળા કિનારે કિનારે,
ભવ સાગરના ઘેરા જલમાં જાશોના–
મતવાલા રે, કિનારે કિનારે.

આંખોની મજા ભ્રમરતણી કયારીએ વસી
સાંડીની સકળ ખૂબીઓ કિનારીએ વસી
નાના જીવનના નાવથી તરવું જો તમારે
ઝૂલતી જવા દ્યો નાવડી વાયુના સહારે
કિનારે કિનારે.

નાટક– 'શંકરાચાર્ય'
ગાનાર પાત્ર : રાજા અમરક



મધુકર પુષ્પના પ્રેમી, ભૂલ્યો શું ભાન પુષ્પોમાં
અરે આ શું તને લાગ્યું, સુધારસ તાન પુષ્પોમાં.
હતો ઉપવન નિવાસી તું યતિ સંસાર ન્યાસી તું.
ભૂલ્યો શું ભાન માયામાં થયો શું વિષયવાસી તું?
પુરાશે તું મૂકાશે તું વિષય પંકે પડી જાશે,
અધૂરું કામ સૌ રહેશે પછી તું પૂર્ણ પસ્તાશે.
નિહાળી આત્મમૂર્તિને ખરી કાયા ઉગારી લે,
કરી ગુંજાર આત્માનો સકળ આ વિશ્વ તારી લે.

નાટક–'શંકરાચાર્ય' ગાનાર– બ્રાહ્મણ કુમારો

પ્રસંગ:- ઉભય ભારતીના કામશાસ્ત્રના—
પ્રશ્નોના ઉત્તર આપવા માટે, પરકાય પ્રવેશના પ્રયોગદ્વારા શંકરાચાર્ય રાજા અમરકના દેહમાં પોતાનો આત્મારોપી રાજવહીવટને સંસાર ચલાવે છે, ત્યારે શંકરાચાર્યને ઉદ્દેશીને તેના શિષ્યોઆ ગીત ગાય છે.

પ્રેમતંત્ર અણમોલ સખી
એ શિખવ્યા નવ શિખવાય
કોઇના શિખવ્યા નવ શિખવાય.
પડે સમજ, ને અનુભવે આવડે
કાન્ત મિલન જ્યાં થાય
એકાંતે કાન્ત મિલન જ્યાં થાય ૦
પ્રિયતમને જોતાં શરમ ચડે,
ધડકે ઉર, પાછા ચરણ પડે,
ત્યાં શા શિખાય પ્રણય તંત્ર,
જ્યાં નયને મદ ઘેરાય
હઠીલાં નયને મદ ઘેરાય ૦
પણ જ્યાં જરી આંખથી આંખ મળે,
પળમાં ઉર એકબીજા ઉછળે
અધીરાં હૃદયેથી હૃદય મળે
ત્યાં રસ સાગર છલકાય
સ્નેહથી રસસાગર છલકાય ૦

નાટક– 'કુમારપાળ' (૧૯૧૯)
ગાનારપાત્ર–ભુપાળદેવી અને જયંતિ શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ

વ્હાલા કહું વ્હેવારની એ વાત આ અણમૂલ છે.
અભિમાનથી ના સાંભળો તો આ તમારી ભૂલ છે.

—(o)—

મન માનતું મળતું નથી, કોઈને બધુંય સંસારમાં.
ખામીમાં ખામી ખોળવી, આ તમારી ભૂલ છે.

—(o)—

કાળાં છીએ રંગે અમે, પણ કાળજાં કાળાં નથી.
તેનીય કિંમત ના કરો તો, આ તમારી ભૂલ છે.

—(o)—

છોડી અમે શ્રી રામને, જપીએ તમારા નામને
તો યે ન રાખો નેડલો, તો જીવતર અમારૂં ધૂળ છે.

—(o)—

નાટક – 'અરૂણોદય' ૧૯૨૧
શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ
ગાનાર પાત્રો – મનોહર અને મનોરમા

તમે જોજો ના વાયદા વિતાવજો રે,
પીયુ પહેલી પેસેન્જરમાં આવજો
હારતોરાથી સ્વાગત શોભાવજો રે,
પીયુ પહેલી પેસેન્જરમાં આવજો.
સીલ્કની કિનાર કોઇક વાયલ આછેરાં
કોઈક નવા નાટકના અચ્છા ઓપેરા
થોડાં હેન્ડબીલ હેરઓઇલ તણાં
લાવજો – પીયુ૦
એક હારમોનીયમ પેરીસનું લાવજો
આવવાનો તાર મને આગળથી આપજો,
તમે સામા સ્ટેશન પર સીધાવજો રે,
– પીયુ૦

નાટક– 'અરૂણોદય'
ગાંનાર પાત્રો–રસીકલાલ ને રસીકા



અજબ લ્હેર આવે હૃદય સરમાં
જગત કંઈક જુદું લાગે નજરમાં
નવીન કંઈક હોવું નિશાકરમાં
અજબ એક આંસુ નયનભરમાં૦

વીણ નિશાએ સ્વપ્ન આવે જીવનભરમાં
કોઈ કંઈક બોલે શ્રવણ પટમાં
કોણ ભેદ ખોલે આ ઘટ ઘટના
દીલ જરી ડોલે મીઠી લહરમાં૦

નાટક – 'સત્ય પ્રકાશ' ૧૯૨૩
શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ
ગાનાર – શશિકલા

11-130



સાંભળ બહેની, છાની કહું એક વાત
કહેતાં શીદ મૂંઝાતી,
અરધી ઊંઘે, આજની વીતી રાત
જોને આંખડી રાતી
ચાંદલિયો જોઇ ચેટક જાગ્યું.
વાયુની લહેરમાં કંઈ નવું લાગ્યું.
ફૂલશૈયા જાણે ડંખવા લાગી
ઉર જાગ્યો ઉત્પાત જોને ધડકે છાતી૦—
ઘેનભરી આંખે કુંજમાં ગઈ ત્યાં,
કોઇક મળ્યું એકાએક—
પાસે બોલાવી, હૈયે દબાવી,
કૈં કૈં કીધું મનહરી લીધું,
આંખ ઉઘાડીને, જોઉં પછી ત્યાં
જોયું તો છે પ્રભાત
વાત એ ન ભૂલાતી
સાંભળ બહેની૦—

નાટક– 'માલવપતિ' મુંજ
૧૯૨૪ શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ
ગાનાર પાત્ર–સુરભી ને સખીઓ

આંખે અરધી ઊંઘ,
અર્ધ જાગ્યાં,
સ્વપ્ના જુવે સ્નેહનાં—
થઈ અરધાં નિર્લજ્જ,
લાજ અરધી,
અમૃત પીયે પ્રેમનાં.
પાવાએ રસ અડધો,
અર્ધ ઢળતો
અર્ધી ઢળે આંખડી—
વીતે અરધી રાત તો યે કહીએ
વીતી જ અડધી ઘડી—

નાંટક – 'માલવપતિ'
ગાનાર પાત્ર – 'મુંજ'



હૃદયના શુદ્ધ પ્રેમીને નીગમના જ્ઞાન ઓછાં છે
ન પરવા માનની તોયે બધાં સન્માન ઓછાં છે.
તરી જાવું બહુ સહેલુ છે મૂશકીલ ડૂબવું જેમાં
એ નિર્મળ રસ સરિતાથી ગંગા સ્નાન ઓછાં છે.
પ્રણય કલહે વહે આંસુ ચૂમે ચાંપી હૃદય સ્વામિન
અરે, એ એક પળ માટે, જીવનનાં દાન ઓછાં છે.
હૃદયના શુદ્ધ પ્રેમીને.

—(૦)—

દોહરા:—

૧ ગમાર એ સમજે નહીં. રસિકજનોનાં ખેલ
પ્રીતિ કરવી સહેલ છે, નિભાવવી મૂશકેલ.

—(૦)—

૨ સરવર સુનાં જળ વિના, ગોળ વિના કંસાર
તેમજ સુનો છે સદા, સ્નેહ વિના સંસાર.

—(૦)—

૩ નૌકા છે આ જિંદગી, સાગર છે સંસાર,
સ્નેહસુકાની જો મળે તો છે બેડો પાર.

—(૦)—

૪ પ્રેમ તણા મહારાજ્યમાં એવો અવળો ન્યાય
કે દિલડાના ચોરને કશી સજા નવ થાય.

—(૦)—

૫ સ્નેહભરી સૃષ્ટિ બધી, સ્નેહ જ સુખનું મુળ;
સ્નેહામૃત ચાખ્યા વિના ગઇ જિંદગી ધુળ.

—(૦)—

૬ પ્રેમ આંધળો સહુ કહે, કાપે દિલની પાંખ.
પણ પ્રેમે અંધ થયા વિના, નથી ઉઘડતી આંખ.

—(૦)—

૭ આંખ વિના જે દેખતા, દૂર છતાં જે પાસ,
પાંખ વિના પ્રેમીજનો ઉડે છે આકાશ.

—(૦)—

૮ એક મહીંથી બે કરે એવા લોક અનેક,
પણ એના જે એક જ કરે તે પ્રેમ જગતમાં એક.

ગાનાર: પાત્ર- મુંજ નાટક- "માલવપતિ મુંજ"

એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી
એથી જ શાણા સાહ્યબીથી લેશ ફૂલાતા નથી.

ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા તેને નથી,
એ જ શૂરા જે મુસીબત જોઇ મુંઝાતા નથી.

ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે.
જે ચઢે, તે તે પડે એ નિયમ પલટાતા નથી.

દોહરા :—

૧ સમય બડો બળવાન છે, નહીં પુરુષ બળવાન
કાબે અર્જુન લૂંટિયો એ જ ધનુષ્ય એ બાણ

—(૦)—

૨ સજ્જન આ સંસારમાં, ગર્વ છોડતાં શીખ
ભાગ્ય ફર્યું ત્યાં ભૂપતિ ભમતો માગે ભીખ

—(૦)—

૩ ધન જન સંપત સાહ્યબી, કોંઇ ન આવે સાથ
ઈશ્વરના દરબારમાં જાવું ખૂલ્લે હાથ

—(૦)—

૪ ડરવાનું દુષ્કર્મથી, એ જ જીવનનો સાર
મરવાથી ડરવું નહીં, મરવું એક જ વાર

—(૦)—

૫ હુંપદથી હળવા થશો હુંપદ કરો ન કો'ય
ધાર્યું આપણું ધૂળ છે. હરિ કરે સો હોય

—(૦)—

૬ પડતા પર પાટુ કદી દાઝયા ઉપર ડામ
દઈશ ના કોઈને કદી, એ દૂર્જનનું કામ.

—(૦)—

ગાનાર પાત્ર : મુંજ

નાટક : "માલવપતિ મુંજ"

કહેજે કે કયારેક અમને સંભારે
બીજું કાંઈ કહેવું નથી.

કહેવાનું સહુ એ સમજે વધારે,
મારે કાંઈ કહેવું નથી.

કહેવાનું કંઇક ને કંઈક કહેવાયે
સાંભળે કોઈક તો મશકરી થાયે

માટે સખી કહેજે એટલું કે
સંભારૂં છું વારે વારે–વધુ કાંઈ કહેવું નથી.

દર્પણમાં છબી જોઉં પીયુની
થાઉં ઘડીભર હું હૈયાસુની

ભૂલમાં શૃંગાર અવળા સજુ ત્યાં
સાહેલી મ્હેણાં મારે તોયે કાંઈ કહેવું નથી

કામમાં કામ કશુંયે ન સૂઝે
ઘાવ હૃદયના કશાથી ન રૂઝે

આથી વધુ કહેતાં શરમ આવે છે
કહેવું હવે શું મારે–બધું, કાંઈ કહેવું નથી.

ગાનાર : સંયુક્તા

નાટક : "પૃથ્વીરાજ" ૧૯૨૫
શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ

અજબ સૌંદર્યના જાદુ હૃદય સૌનાં રમે છે ત્યા.
ભલે મુરખ કહે દુનિયા બધાં મુરખ બને છે ત્યાં.
નયન બાણોની ઝડીઓમાં વીંધાવુ એ નથી સારૂં
છતાં સૌને ઘડીભર તો ઉભા રહેવું ગમે છે ત્યાં.
જુઓ ઉષાને સંધ્યા છે તો સુંદર તેમ સ્ત્રી જાતિ
તો સુરજ ચંદ્ર ને તારા, બધાયે આથમે છે ત્યાં.
બધા ઉપદેશ દેતા કે ન રાખો મોહ એ ખોટા,
છતાં ઉપદેશ દેનારા બધા ચરણે નમે છે ત્યાં.

ગાનારપાત્ર – પૃથ્વીરાજ

નાટક – "પૃથ્વીરાજ"



બજારો મોહનાં ઉઘડયાં ધ્વજા ફરકી રતિવરની
ચડયા ભાવો સુધારસના થશે કીંમત નયનશરની
જીગરનાં જખ્મીઓ માટે જમાવ્યું ધામ દરદીનું
અહીંથી જાઓ બેદરદી અહીં છે કામ દરદીનું.

—(૦)—

રંગભીના રસરાજ આજ ધીમે ધીમે
ડંખ દીધા દીલડાંને આજ ધીમે ધીમે
દર્દ ઝીણાં ઝીણાં જણાય ધીમે ધીમે૦
ડંખ તમને લાગ્યા ને ઘેન અમને શાનાં
ભર્યાં અમૃતમાં ઝેર કંઈક છાનાં છાનાં
ભાન એથી ભુલાય શ્યામ,
એના ઉપાય થાય ધીમે૦

ગાનારપાત્રોમાં – પૃથ્વીરાજ, સંયુક્તા અને દાસીઓ નાટક – "પૃથ્વીરાજ"
નોંધ:—પૃથ્વીરાજ સંયુક્તા સાથે રાણીવાસમાં ભોગ વિલાસ ભોગવી રહ્યા છે. તે પ્રસંગનું ગીત.

હો રસિયાં રસનાં રમીએ ભોગ વિલાસ
જીવન વસંત વહી જાશે વહી જાશે મધુમાસ
તો અધુરા રહી જાય રખેને અંતરના અભિલાષ
લગ્નના બખ્તર વીંધાયા ઉભરાયા ઉલ્લાસ
આડી ઢાલ ધરો ઘુંઘટની કોઈ કરશે ઉપહાસ
રમીએ ભોગ વિલાસ.

ગાનાર પાત્ર– પૃથ્વીરાજ

નાટક–"પૃથ્વીરાજ"

સંયુક્તા સાથેના રંગરાગ...હોરી

નથી માટી પ્રસાદી એ જીવન ધનથી વધારે છે
ગુમાવી પૂણ્યભૂમિ એ હૃદય આજે વિદારે છે.
વછૂટયા તાર વીણાના રહી છે ભારતી રોતી
અમે મોહાંધના પાપે, પડી પરવશ પોકારે છે.
ફરીથી ત્યાં જીવન માંગુ, ફરીથી ત્યાં મરણ માંગુ
યુગોયુગ ધર્મ માટે જ્યાં પ્રભુ અવતાર ધારે છે.

ગાનાર પાત્ર-પૃથ્વીરાજ — નાટક - "પૃથ્વીરાજ"

નોંધ :—

શાહબુદ્દીન ઘોરીને હાથે શિકસ્ત પામીને અંધ બનીને પૃથ્વીરાજ ઉભો છે ત્યારે સુલતાન, સમ્રાટ પૃથ્વીરાજની અંતિમ ઈચ્છા પૂછે છે ત્યારે પૃથ્વીરાજ ભારત દેશની માટી માંગે છે. જે ચંદ લઈને આવે છે તે પ્રસંગનું ગીત—

પૂછો કોઈ પરવાનાને,
શમા પર બળી મરવાને –
અધીરા થતા એ શાને ?
ન જાણે કોઈ એમાં મજા શું દીવાનાને
પૂછો કોઈ પરવાનાને.
દીપકમાં ઉજળી રહ્યો, અજબ પ્રેમનો રંગ
સુંદરતાના શોખમાં સળગી મરે પતંગ.
પૂછો કોઇ પરવાનાને.

ગાયક પાત્ર : સિરાજ

નાટક :– "સિરાજુદ્દૌલા" (૧૯૨૫)
શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ

એ ગઈ, છતાં એની છબી, આવે નજરમાં
આંખો ગજબ, જાદુભરી, ખૂચી જિગરમાં
આવે નજરમાં

દેખાવમાં ભોળી છતાં જાદુભરી એ,
રાખે હજારો તીર કાતિલ વાંકી ભમરમાં
આવે નજરમાં

ગાલોમહીં લાખો ગુલોની લાલી છૂપાવી
ઉભી'તી નજાકત ભરી એ રશ્કે કમર ત્યાં
આવે નજરમાં

પરવા ન તાજોતખતની એ નાજો અદા પર
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં
આવે નજરમાં.

ગાનાર પાત્ર – સિરાજ     નાટક–"સિરાજુદ્દૌલા"

બેહાલ કૈંકને કર્યાં બદકાર છે શરાબ
બરબાદ જિંદગી કરે, ઐય્યાર છે શરાબ
પીનાર જાણે મસ્તીમાં મસ્તાન બન્યો છું
પરવશ કરી પી જાય છે, પીનાર ને શરાબ.
લીયે કસમ હંમેશને, હંમેશ તૂટતા
છોડી શકે છે કોઇક નશીબદાર એ શરાબ.
હરામ છે, હરામની એ દોસ્તી આજથી
છેલ્લી તને સલામ સો સો વાર છે શરાબ.

ધાનાર – સિરાજ

નાટક– "સિરાજુદૌલા"

જેવી કરે જે કરણી તેવી તરત ફળે છે.
બદલો બુરા ભલાનો અહીંનો અહીં મળે છે.
ઉંચે ચડે છે જ્યારે, સહુને જે તુચ્છ ગણતા
પટકાય જ્યારે નીચે ત્યારે સમજ પડે છે.
હસ્તાઓને રડાવે રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઈ આખર નહિં રહે છે.
આપ્યા વિના ન મળશે, વાવ્યા વિના ન ફળશે
ઈન્સાફ એજ કુદરત અહીંનો અહીં કરે છે.

ગાનાર – સિરોજ　　　　નાટક – "સિરાજુદ્દૌલા"



કોઇ એક સુંદરવન, કુહાડો કાપવા તત્પર થયો
(પણ) કાપી શકયો ત્યારે જ હાથો કુહાડાને મળ્યો.
(એ) કુહાડાના હાથા જગતને કથા દ્રોહની કે છે,
ઇતિહાસોની આરસી એ સામે રાખી દે છે.

એ આંગણુ રાખી ઘર વેચે
એ પાઘડી ખાતર સર વેચે
એ આતમને અંતર વેચે
એ જનનીનાં જીવતર વેચે,

કાળા હાથ કરીને કર્મે કલંક માથે લે છે
એ કથા દ્રોહની કે છે.
બધા પાપથી મહા ભયંકર દેશ દ્રોહના પાપ
સો સો પેઢીને ભોગવવા ભીષણ એના શ્રાપ.
ભર્યા ખજાના હોય છતાં પણ એ નહીં ખાવા દે છે
એ કથા દ્રોહની કે છે

ગાનારપાત્ર – રામકૃષ્ણ — નાટક :– "સિરાજુદ્દૌલા"
ફરી લખાયું ભજવાયું — શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૪
નોંધ :—
ફરી ભજવાયું ત્યારે, દેશદ્રોહીને અનુલક્ષીને લખાયેલું ગીત.

જવા–ની રાતે રિસાઇ બેઠાં
મનાવા ગઈ તો કહે ઉંહું,
પૂછયું મેં છે કાંઇ ગુન્હો અમારો
કહોને કંઇ, તો કહે ઉંહું...
ગુલાબ ડોલર ગુંથીને લાવી,
પૂછયું કે બેમાં ગમે શુ તમને ?
નયન નચાવી જરાક હાંસી કરી મેં,
ત્યાં તો કહે કે ઉંહું...
હું યે તોફાની ને એ હઠીલા,
નમ્યું ન બેમાં એકે ય આપે.
હૃદય કહે કે કલહ તજી દો
હઠીલી જીભે કહ્યું કે ઉંહું...
મને રડાવી રડયા હતા એ,
હસી, હસાવ્યા વિના સિધાવ્યા.
પછી મેં કાગળ લખ્યો ક્ષમાનો
જવાબમાં એ લખે છે ઉંહું...

ગાનાર પાત્ર : નિશા નાટક : સંસાર સાગર
શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ ૧૯૨૯

ઉપરનો ડોળ જોઈ દુનિયા અંજાય છે.
ખેલી શકો તો ખેલ ખેલો.
સાચામાં સાર નથી ખોટાં પુજાય છે,
અટપટી એ આંટીઓ ઉકેલો.
મોઢેથી અમૃત જો પીરસતાં આવડે,
અંતરમાં ઝેર ભલે રાખો,
મીઠું બોલીને ફોલી ખાય છે,
ફરેબમાં પાકા ગુરુનો ચેલો.
સોગંદ ખાવાને ધર્મ પાળવો ભલે,
પણ સ્વારથ સંભાળવો પ્હેલો.
પોતાનાં ઘરબાર તાજાં રાખીને
બીજે દીવાસળી મેલો.
(ભાઈ મારા) ખેલી શકો તો ખેલ ખેલો.

ગાનાર પાત્ર : સુધાકર નાટક : સંસાર સાગર

સુખની ગણાય છાયા કમનીય જેની કાયા,
આરામ ત્યાં છુપાયા રમણી મહાન માયા.
મદમસ્ત હસ્તીઓનાં કુંભ સ્થળો વિદારે,
કે લાખ ખડગથી જે, રોકાય ના લગારે,
તે સ્હેજમાંજ સ્ત્રીના કરપાશમાં ફસાયા
રમણી મહાન માયા.

અલકાવલીની લટમાં કે રક્ત અધર પટમાં
દગબાણની ઝપટમાં, કે ઉભય ઉરજ ઘટમાં
લપટાય નહીં એવા નર કોઇ નથી સૃજાયા
રમણી મહાન માયા.

જો સ્વર્ગ હોય શ્યામા, સંસાર સ્વર્ગ સમજો.
જો નર્ક હોય નારી, તો જગત નર્ક સમજો.
પણ સર્વ જિંદગીના, સુખ દુઃખ ત્યાં છુપાયા
રમણી મહાન માયા.

ગાનાર : દક્ષમત્રા નાટક : શાલિવાહન

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ

આ દુનિયા છે દંભ ભરેલી
ઉપરથી પોલીશ કરેલી,
દંભ કરીને ઠગવી સહેલી
દંભીના પોબાર,
ઉપર જુદી – અંદર જુદી
કેવળ સોનેરી જાળ.
ખુબીથી ખેલવી બાજુ સંકેલવી
ફરેબો કેળવી ચલવો શયતાની ચાલ
લુચ્ચી દુનિયા – ભોળા થાશો
તો ખાશો પૂરો માર
આ દુનિયા છે દંભ ભરેલી

ગાનાર પાત્ર : બિહારી નાટક : 'એક અબળા'
શ્રી આર્ય નૈતિક નાટક સમાજ ૧૯૨૭



રહી ગઈ, રહી ગઈ, આશ અધૂરી,
દીલમાં રહી ગઈ રે,

ઓ જગદીશ ભરોંસે તારે,
હું દુખીયારી થઈ સંસારે,
હાર અમારી થઈ ગઈ, થઇ ગઈ, રે,
આશ અધૂરી રહી ગઈ રે,

આજ પતિ હો અન્ય જન્મમાં
આશ પૂરું હું જે રહી ગઈ મનમાં
આ જિંદગી તો વહી ગઈ, વહી ગઇ રે,
આશ અધૂરી રહી ગઈ રે,

—(૦)—

સાખી :—

સ્ત્રીનો આ સંસારમાં ફરી મળે અવતાર.
માગું જન્મો જન્મ હું એના એ ભરથાર.

—(૦)—

ગાનાર પાત્ર : નિરંજના　　નાટક : એક અબળા

મસ્તજનો જોતા નથી લાભ અગર નુકસાન
અમે મસ્ત એવા સદા મસ્તીમાં મસ્તાન.

જો કદી મસ્તી યુવાનીમાં નથી તો કંઈ નથી
જો અપાર તરંગ પાણીમાં નથી તો કંઈ નથી.

નાવ ડૂબે કે તરે પણ સાગરો ઉછળ્યા કરે.
એજ મસ્તી જિંદગાનીમાં નથ તો કંઈ નથી.

દોલત બધી દુનિયા તણી હોયે જમાવી તે છતાં
સ્નેહની દોલત કમાણીમાં નથી તો કંઈ નથી.

ગાનાર : બૃહદ્રથ — નાટક : "સત્તાનો મદ"
શ્રી દેશી નાટક સમાજ ૧૯૨૮

કરી સ્થિર વૃત્તિ મનોવેગ રોકી,
મીંચી નેત્રને જો તને તું વિલોકી
નથી જે જગતમાં તને ત્યાં જ મળશે.
પરમ જ્યોતિ જોતાં તિમિર ત્યાં જ ટળશે.

નહીં જન્મ મૃત્યુ નહીં કલેશ વ્યાધી
નહીં લાભ હાની ન આધિ ઉપાધિ
નહીં નાશ ઉદ્ભવ અવિનાશ આત્મા
સિદાનંદ રૂપમ્ શિવોહમ્ શિવોહમ.

કોઈનો ભય ધરતો નહીં પોતાથી ભય પામ
પરમ તત્વ છે એ જ કે તારામાં લય પામ
પંચ તત્વ દશ ઇંદ્રિયો બુદ્ધિ ચિત્ત વિચાર
કર એકાગ્ર સમગ્રને કર પરિબ્રહ્મ વિચાર.

ગાનાર પાત્ર : પંતજલી ને શિષ્યો      નાટક : સત્તાનો મદ



તું ચેત મુસાફર વહી જશે,
છે, સમય ઘડી કે બે ઘડી
એ મસ્તી મનમાં રહી જશે
છે સમય ઘડી કે બે ઘડી

છે આંખ છતાં કાં અંધ બને
લઈ દીવો હાથ કાં કુવે પડે
અભિમાન અશ્વ પર ચડી ચડી—
છે સમય ઘડી કે બે ઘડી

કંઈ ચેત હજુ અજ્ઞાની
થઈ જશે જીવન પાણી પાણી
પળમાં જો કાળ જશે જકડી-
છે સમય ઘડી કે બે ઘડી

પડતીના પડઘા પડી રહ્યા
દુઃખના ડંકા ગડગડી રહ્યા
જો વિપત વાદળી શિરે ચડી
છે સમય ઘડી કે બે ઘડી.

ગાનાર પાત્ર : પતંજલી　　　નાટક : 'સત્તાનો મદ'

## 'ગરબો'

માહિમા જેનાં ગાતાં લખાયા ગ્રંથ
ધન્ય ધન્ય એ સતીઓના ચરિત્રને રે,
ઉજ્જવળ જેથી અમરાપૂરીના પંથ—
ધન્ય ધન્ય એ.

ચંદ્ર સૂર્યનાં તેજથી જેનાં તેજ અપાર
એ સતીઓને પારણે ઝૂલ્યા સર્જનહાર,
ધન્ય ધન્ય એ.

શાણી એવા ધર્મ હ્રદય ધરીએ રે,
સુનીતિ શિયળ સંભાળીએ રે.
પતિવૃત ખાંડાની ધાર એ વિચાર ના વિસારીએરે,
ધન્ય ધન્ય એ.

ગાનાર પાત્રો : ઉર્મી અને સાહેલીઓ   નાટક : 'સત્તાનો મદ'

ભારી બેડાંને હું તો નાનકડી નાર.
કેમ કરી પાણીડાં ભરાય રે,
ભમરીયા કૂવાને કાંઠડે,
ગોરી નીચીને ઉંચા કાંઠડા રે રાજ
ચડતાં કમર લચકાય રે,
ભમરીયા કૂવાને કાંઠડે,
સરકે સાલુડા નીર સીંચતા રે રાજ,
કોઈની નજર લાગી જાય રે,
ભમરીયા કૂવાને કાંઠડે,
પાણી પાણી થઈ જતી રે,
એવાં પાણી ભરવા કાજ રસીલી ના જતી...
સ્ત્રીના સુખને કારણે પુરૂષ થાય કુરબાન,
તો પાણી ભરવા મહીશું ઝાઝું નુકશાન.
લોકોમાં મશ્કરી થાય રે,
ભમરીયા કૂવાને કાંઠડે...

ગાનાર પાત્ર : વૈકુંઠ ને ત્રિવેણી  નાટક : સત્તાનો મદ

એક સમય એવો હતો,
હતાં રાજય ધન ધામ,
આજ સમય છે એજ કે,
સરવર તીર મુકામ,
મનવા...નવ કરીએ કંઈ કલેશ.
કોઈ દિન હોવે રાજ સિંહાસન
કોઈ દિન સાધુ વેશ,
ચડતી પડતી ચક્રનાં એ
સઘળાં તોફાન.
નહીં હર્ષ કે શોક જ્યાં
હરિ ઈચ્છા બળવાન.

ગાનાર પાત્ર : જયાપીડ નાટક : કીર્તિ સ્થંભ
શ્રી દેશી નાટક સમાજ. ૧૯૨૯

પ્રેમ પ્રભુનું રૂપ છે, સહેજે નહીં સમજાય
સત્ય પ્રેમને સમજતાં કૈંક જીંદગી જાય.

આ કિનારે છો તમે, સામો કિનારો દૂર છે
છો હજી સરિતા મહિં સાગર તમારો દૂર છે.

છે તોફાની પ્રેમ સિંધુ નાવ નાનું હૃદયનું
નીર છે ઉંડા, ખડક ઉંચા, હજારો દૂર છે.

અધવચ દીવાના ત્યાં ડૂબ્યા, દાના ડૂબ્યા કાંઠા ઉપર
કેમ સાગર એ તરાશે એ પ્રકારો દૂર છે.

ગાનાર પાત્ર: અનુરાગ    નાટક : કીર્તિ સ્થંભ

મારે સાસરીયે જઈ કોઈ કહેજો એટલડું (કે)
પ્રીતમજી આણાં મોકલે.

મને પીયરીયામાં હવે લાગે એકલડું
પ્રીતમજી આણાં મોકલે.

રાત જાગી જાગીને જાય છે.
આંખ મીંચુ તો સ્વપ્નાં દેખાય છે.

મારૂં હૈડું ભાનસાન ખોઇ, થઈ ગયું ભૂલકણું—
પ્રીતમજી આણાં મોકલે.

મને મહેણાં મારે છે સાહેલડી,
ફાલી ફૂલી છે જીવનની વેલડી.
ઘેલી થઇ છું વિરહે બળે છે. કાળજડું.
પ્રીતમજી આણાં મોકલે.

ગાનાર પાત્ર : રતિ — નાટ્ય : કીર્તિ સ્થંભ

—(૦)—

ગુંથ્યો કેશ કલાપ જ્યાં ત્રણ લટે,
ત્યાં તો ત્રિવેણી વસી
મુક્તિદા મથુરાં મધુર અધરે,
કાંચી કટીથી કસી,
નેત્રો પૂણ્ય પ્રભાસને,
અમરતા પ્રત્યક્ષ તું પાસ છે.
તારાં સુંદર દેહમાં જગતના
તીર્થો તણો વાસ છે.

ગાયક પાત્ર: અનુરાગ. — નાટક: "કીર્તિસ્થંભ"

—(૦)—

આ ગામમાં તે સ્યે રહેવાય રે,
મારૂં નામ પાડ્યું છે, સંતુ રંગીલી.

પહેરી ઓઢી ફરવું અમને ગમે છે
હાથ જોડી બાઇ બહેન મુજને ગમે છે,
પીટ્યાં અદેખાં દેખીને બળી જાય રે,
મારૂં નામ પાડ્યું છે સંતુ રંગીલી.

દુનિયાથી ડરતી નહીં. પરમેશ્વરથી ડર,
ધર્મ નીતિ સાંભળીને કરતી હોય તે કર,
રાખત હિંમત શું થાએ હઠીલી મારૂં નામ–
ભલેને લોક કહેતા કે સંતુ રંગીલી.

-

ગાનાર પાત્રો : સંતુ અને ટીડો          નાટક : અજયધારા

શ્રી દેશી નાટક સમાજ ૧૯૨૯

જ્યાં રંક પ્રજાને આજ;
મળે નહીં એક વખત આહાર,

ત્યાં રૈયતનાં સ્વામીને,
ક્યાં ભોજનનો અધિકાર,

નીજ મહેનતનો જે કર ભરતા—
રાજ્ય ખજાના અંતર કરતા—
તેનું દુઃખ દીલે નવ ધારે
એ નૃપને ધિક્કાર—

રાજ્ય ઈમારત પ્રજા છે પાયા,
રાજ્ય સિંહાસન ત્યા મંડાયા,
પ્રજારૂપી પાયા ડગમગતા, ક્યાં આસન ટકનાર ?
એ નૃપને ધિક્કાર—

ગાનાર પાત્ર : યશોવર્મા નાટક : અજયધારા



જીવનમહીં મજા શી
સમજે નહીંજ કોઈ
સહુ જિંદગી જીવે છે,
જીવનનો સાર ખોઈ
દિલને દીધી રસિકતા
જીવ ને દીધી જુવાની
ફૂલમાં ભરી સુગંધી
શું કામ રસ નીચોઈ?
જ્યાં સ્નેહ એજ સુખ છે,
રસ પ્યાસ એજ અમૃત,
ત્યાં અમે સફળતા
આ જિંદગીની જોઈ,

ગાનાર પાત્ર : વિલાસ નાટક : ચેતન યુગ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૩૦

પ્રેમ પંથે સહુ દાસ પ્રેમદાના બને
ભાવ ભૂખ્યા તે ભોગ ભાવનાના બને,
બહાર દાના તે ઘરમા દીવાના બને,
ભલે ઉપરથી ડોળ કરી શાણા બને,
પ્રેમ પંથે સહુ...

પ્રેમ એ ગણાય છે દીપક સમાન જ્યાં
એમાં પ્રજળવું એ પણ અભિમાન જ્યાં.
રંગ લાગે તે રોગી સદાના બને,
પ્રેમ પંથે સહુ...

આપે સંગાથ જે આખા જીવનભર,
સુખ દુઃખમાં સાથ જે આનંદભર,
ત્યાં ન ઝૂકે તે દુશમન પોતાના બને,
પ્રેમ પંથે સહુ...

ગાનાર પાત્ર : વેન નાટક : અંશાવતાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૩૧

## ૫૧

મધ હોયે ત્યાં મક્ષીકા,
જળ હોયે ત્યાં મીન
હોય મહત્તા ત્યાં સુધી
દુનિયા છે આધીન
હોય મતલબ ત્યાં સુધી સંભારતી દુનિયા
સ્નેહ સગપણ સ્વાર્થ માટે ધારતી દુનિયા

લાખ ઉપકારો કર્યા પણ જ્યાં સમય પડતો જુવે,
ત્યાં કર્યો ઉપકારને વિસારતી દુનિયા–
ઉગતાને સહુ નમે, ને અસ્તમાં માને મજા
હર્ષથી પડતાને પાટુ મારતી દુનિયા.

ગાનાર પાત્ર: વેન નાટક: અંશાવતાર



76730

કોઈ કહેશે કે જુવાની ક્યાં ગઈ!
મદ ભરેલી જિંદગાની ક્યાં ગઈ!

ગર્વથી કહેવા થશે આનંદમાં ઉલ્લાસમાં
રાગના અનુરાગમાં કે પ્રેમના અભ્યાસમાં
ના ખબર યુવા દિવાની ક્યાં ગઈ!

આવશે જ્યારે બુઢાપો
કાયા ડગમગ ડોલશે.
ભોગવ્યું જો નહીં હશે તો
ત્યારે પસ્તાવો થશે.
ખોળશું ઝૂકી ગુમાની ક્યાં ગઈ.

ગાનાર પાત્ર : અમોઘવર્ષ નાટક : વીરભૂષણ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૩૧

વાયા વીરત્વના વાયરા રે, હવે થઇને અધીર
રમણી રણ જીતવા નીસરી
કોમળ હૈડાંને એનાં કુમળા શરીર,
રમણી રણ જીતવા નીસરી

જાગ્યા ઉજાસ એનાં અંતરનાં બારણે
માતૃભૂમિની ભીડ ભાંગવાના કારણે
કેસરીયાં કાળજાંને કેસરીયાં ચીર
રમણી રણ જીતવા નીસરી

ઘોળને કંકુ ઘુંટને કેસર, કામિની કંથ જગાડ,
સ્નેહવીણામાં સાહેલડી હવે, સિંધુડો રાગ વગાડ.
કાયરકંથની કામિની કે છે કંથ મારો ગભરાય
બહાર પડે બળવંત બધા ત્યારે પોતે ઘેર છુપાય.
ઘેલી કામિનીરે તારા કંથને સમજાવ.
લઈ રીસામણાં રે. એમ વીરતા પ્રકટાવ.
છતાં જંગમાં જાય નહીં તો ઘરમાં જંગ જમાવ.
કાંચન સમકાયાને માની કથીર,
રમણી રણ જીતવા નીસરી.

ગાનાર પાત્ર : માધવી અને પરિચારીકાઓ        નાટક : વીરભૂષણ

---*---

સજની રે મને વાગી કાંકરી
નાની હું પનીહારી નફફટ એ વિહારી,
હું તો હારી, નજર સમ લાગી કાંકરી
સજની...

કાંકરી નહીં એ મોહ બાણ છે વણ માગી,
ઘટ પર તાકી, હૃદય પર વાગી કાંકરી અનુરાગી
સજની...

શૃંગાર રાધાકૃષ્ણના જુના થયા છે કયારના
તરસ્યા નવિન રસના અમે,
ભોગી નવિન શૃંગારના
સજની...

શૃંગાર રાધાકૃષ્ણના વેશ્યાઓથી જે સાંભળે
તેને ખરા શૃગારની સમજણ કહો કયાંથી મળે.
સજની...

ગાનાર પાત્રો : વારાંગના, અમોઘ, સોમદેવ નાટક : વીરભૂષણ



તેને દુઃખ આપે પ્રભુ, જેને અતિશય ચહાય
કારણ દુઃખની આગમાં પાપ ભસ્મ થઈ જાય.
સંકટો વેઠયા વિના કોઇનો ઉદય થાશે નહીં.
સાહસો ખેડયા વિના સિદ્ધિ મળી જાશે નહી.
પુરુષાર્થમાં શ્રદ્ધા ભરી, ને મોત મુઠ્ઠીમાં ધરી.
શુરા મરે એકજ વખત, કાયર મરે છે હરઘડી.
જીંદગી આપ્યા વિના જીવન અમર થાશે નહીં.

ગાનાર પાત્ર : સમુદ્રગુપ્ત નાટક : સમુદ્રગુપ્ત

હોય છે ભૂપાળનાં શણગારમાં કાટાં
હોય કીર્તિ મંદીરોનાં દ્વારમાં કાંટા.
કલ્યાણ માહે વિશ્વનું તેને વિષમ સંસારમાં
આશ્વાસનો બદલે મળે ઉપહારમાં કાંટા.
કંટકો ફૂલમાં ભરી માધુર્ય કંટકમય કરી,
કુદરતે પણ વાપર્યા વહેવારમાં કાંટા.

ગાયક પાત્ર : સમુદ્રગુપ્ત નાટક : સમુદ્રગુપ્ત
શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ ૧૯૩૨

માનવમાં સદ્ગુણ ને દુર્ગુણ
બન્ને સાથે હોય
હંમેશા બન્ને સાથે હોય.
ઈશ વિના અવગુણ વગરનું
નથી જગતમાં કોઈ
હંમેશા બન્ને સાથે હોય.
પાપીને કોઈ નહી ધિક્કારો,
દયાપાત્ર એ દીન બિચારો
પથ્થર ભેદે કાચા તારો
તેમ ભેદશે નીચ વિચારો
ઘોર તિમીરમાં કિરણ તેજનું
કંઈક છૂપાયું હોય–
હંમેશા બન્ને સાથે હોય
કુદરત કેરા એક પ્રહારે
કે અંતરના એક ઈશારે,
કયારેક આખું જીવન પલટે,
પાપીને પણ પાર ઉતારે,
શૂળીથી સંધાય નહીં
પણ સાંધે નાની સોય
હંમેશા બન્ને સાથે હોય.

ગાનાર : બાળાઓ — નાટક : સાંભરરાજ

શ્રી દેશી નાટક સમાજ ૧૯૩૨

જ્યાં જ્યાં જુવો દુનીયામાં
છે ચોરી ચારે કોર,
કોઇ ધન ચોરે, કોઈ મન ચોરે,
કોઇ, કોઈના ચિત્તનો ચોર.

ચોર, ચોર, ચોર, છે મોરી ચારે કોર,
કોઇ ઉપરથી કોઈ ભીતરથી,
કોઈ છે દંભીના દોર.

કોઈ શક્તિના, કોઈ બુદ્ધિના,
કોઈ છે યુક્તિના ચોર,
ચોર, ચોર, ચોર, છે મોરી ચારે કોર.

ગાનાર પાત્ર : વિગ્રહરાજ ને સુબંધુ    નાટક : સાંભંરરાજ



## ગરબો

શ્રાવણ મહીનાની સખી એક અમર રાતડી,
ઉજળાં કીધાં તે કારાગાર રે,
શ્રાવણ મહીનાની સખી...
જળ જંપ્યુ ને જગત પોઢયું
જામતી'તી મધરાત
કારગારને કોક ખૂણે ત્યારે,
જાગતાં દેવકી માતરે
શ્રાવણ મહીનાની સખી...
જ્યોત વિના લખ જ્યોતિ પ્રકાશી.
ઉડી ગયા અંધકાર,
ભાર ભૂમિનો હરવા માટે,
પ્રકટયા દેવ મોરાર રે,
શેષશાયીને શીશ ધરીને,
ચાલ્યા વસુદેવ,
અંધ બન્યા દરવાન ને,
તાળાં તૂટી ગયાં તતખેવ રે,
ધને થંભ્યો, ઘનશ્યામને જોતાં
છત્ર બન્યા શેષ નાગ.
જોઈ વિરાટને વીજળી થંભી
કાલિંદીએ દીધો માર્ગ રે,
શ્રાવણ મહીનાની સખી...

ગાનાર પાત્ર : પરીચારીકાઓ — નાટક : સાંભરરાજ

પિયુને પૂછી એકજ વાત
એને જવાબ કોઈએ ના જડયો.
પૂછ્યું દિવસ મધુર કે રાત?
એને જવાબ કોઈએ ના જડયો.
મેં પૂછ્યું કાં સાગર ખારા?
ચંદન વૃક્ષે સર્પ અકારા?
પૂછ્યું હેમમાં હોત સુગંધી
—તો કેવું દેખાત?
એને જવાબ કોઈએ ના જડયો.
શેરડીને કાં ફૂલ ન દીધાં?
બુલબુલ કોયલ કાળાં કીધાં?
કેવડીયાના પાન કુમળાં-
કાંટે કાં રળિયાત?
એને જવાબ કોઈએ ના જડયો.
રંગ નથી કોને સંગતનો?
સ્વાદ કહો કેવો અમૃતનો?
ફૂલડાંને આવરદા ઓછી
કાં આપે જગતાત?
એને જવાબ કોઈએ ના જડયો.

ગાનાર પાત્ર: સોમલદેવી નાટક: સાંભરરાજ

જીવે ને જીવતાં શિખાવે એ જિંદગી
ગુણ પૂજે ને અવગુણો નિભાવે એ જિંદગી
સાગર છે ઘેરા ને આછા કિનારા,

પોતે સુકાની ને પોતે સહારા.
એમાં નાનીશી નાવડી તરાવે એ જિંદગી
પડયાં પનારાં તો સૌ કોઈ નિભાવે.

પાણીમાં નાવ તો સૌ કોઈ ચલાવે
કોક રેતીમાં નાવને ચલાવે એ જિંદગી.

ગાનાર પાત્ર : સોમલદેવી ને હનુદેવ    નાટક : સાંભરરાજ



પડશે ખબર નહીં કે,
વાગ્યા પ્રહાર ક્યારે ?
ભોળા હૃદયમાં છાના,
જાગ્યા વિકાર ક્યારે ?
રગરગ અમારી રટના કરશે તમોને ઘેલાં
સમજણ નહી પડે કે પલટયા
વિચાર ક્યારે ?
ભ્રકુટિમાં ક્રોધ છે ને હૈયે ભરી કરુણાં
નારી સ્વભાવ કેરા જડશે ન પાર ક્યારે.

ગાનાર પાત્ર : વિનયાદિત્ય નાટક : સમર કેસરી
શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ, ૧૯૩૩

—(૦)—

જે ભાવ હોય હૈયે દેખાય તે નયનમાં,
આદર અગર અનાદર સમજાય નયનમાં
હૈયાનાં દ્વાર નયનો, પ્રીતિનાં તાર નયનો,
સિંહાસનો પ્રણયનાં કહેવાય નયનમાં.
ન્હાનીશી આંખડી, એ છે આરસી હૃદયની,
પ્રતિબિંબ પ્રાણકેરાં પરખાય નયનમાં.

ગાનાર પાત્ર : મનોજ નાટક : યુગપ્રભાવ
શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ ૧૯૩૪

—(૦)—

અણુ સમજુ ને ઓછા વિચાર રે,
સમજુને પીડા ઘણી...

ઝાઝી સમજણ એ ઝાઝો છે ભાર રે,
સમજુને પીડા ઘણી...

અતિ મોહક જે રત્ન તે કસાએ અતિ
અતિ સુંદર કુસુમ તે ચુંટાએ અતિ
અતિ સમજણ કદી દુખદાઈ બને,
અમે સહેશું કસોટીનો માર રે,
સમજુને પીડા ઘણી...

છે નાર બિચારી અણુ સમજુ
કહું સમય વિચારી અણુ સમજુ
સમજણનાં માન મુકો સજની
કહો સદાય હારી અણુ સમજુ
તમે હાર્યે અમારી હાર રે.
સમજુને પીડા ઘણી...

ગાનાર પાત્ર : કંદર્પ ને કમળબાળા નાટક : રાજ મુગટ
શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ, ૧૯૩૫



અહીં એક પ્રવાસી પથ ભૂલ્યો
મતિ મોહને પંથ મુંઝાઈ ગઈ
મોહાંધ થયા પછી આંખ મળી
પણ પ્રાણની પાંખ કપાઈ ગઈ
કોઈ બોધ કરે, કોઈ ગર્વ કરે, કોઇ હાસ્ય કરે
કોઈ ખાય દયા—
પણ હોય અનુભવે તે સમજે કે કેમ
મતિ પલટાઈ ગઈ
મારા જીવનમાંથી કદાપિ બોધ જો કોઇને મળે
તો એક પથ્થર મૂકજો જ્યાં શીશ ભૂમિ પર પડે,
લખજો ફક્ત એટલું જ કે, દુનિયા તણી આંખે ચડી
અહીંયાં મરાયો એક મુરખ મોહને પંથે પડી.

ગાનાર પાત્ર : કંદર્પ — નાટક : રાજમુગટ

—(૦)—

આં ભૂમિને આંગણે ભારત મંડાયા જ્યારથી
ઝઘડા પરસ્પરના અહીં કરમે લખાયા ત્યારથી
શરૂઆત કીધી કૌરવે પૂર્ણાહુતિ પૃથુએ કરી
મુક્તિદાતા ભારતી ખોળી રહી છે ત્યારથી
કૃત્ય છે, બળ છે, અહીં સદજ્ઞાન છે, અભિમાન છે
પણ નથી જ્યાં એકતા ત્યાં શું કરે કોઈ સારથી

ગાનાર પાત્ર : મનોવિક્રમ — નાટક : સાગરપતિ

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ ૧૯૩૬

—(૦)—

જગમાં સુરજને અજવાળે છે, અંધારૂં ઘોર
પળપળ પલટે રંગ જગતનાં રંગ અમારા ઓર

ભલા બિચારા ભાર વહે છે.
છાના પાપી મોજ કરે છે,
નજરે ચડે તે ચોર
જગમાં—

સજ્જનથી સહુ લાભજ માગે
દૂર દૂરીજનથી સહુ ભાગે,
છે દૂરીજનના દોરે
જગમાં—

કોણ ભલા ને, કોણ બુરાએ
દુનિયા ભેદ કદી ન જાણે
જાણે નંદકિશોર
જગમાં—

ગાનાર પાત્ર : કિરીટ — નાટક : સજ્જન કોણ?
શ્રી લક્ષ્મી નાટક સમાજ ૧૯૩૬

એની એ સડક પર સંસાર
ચાલ્યો જાય છે.
સંસાર ચાલ્યો જાય છે.

ખોળે છે અસાર એનો સાર
ચાલ્યો જાય છે.
સંસાર ચાલ્યો જાય છે.

દિનભર જ્ઞાનના સાગર ડહોળે
રાત પડે શોખથી શરાબખાનાં ખોળે,
વાસના વેપાર ભારોભાર
ચાલ્યો જાય છે.
સંસાર ચાલ્યો જાય છે.

સેવા પિતુમાતની ન સૂઝે લગારે,
સુંદર રૂપની સેવાથી ન હારે
પ્રેમ તો બિચારો બજાર ચાલ્યો જાય છે.
સંસાર ચાલ્યો જાય છે.

ગાનાર પાત્ર : કિરીટ નાટક : સજ્જન કોણ ?

સાહ્યબીમાં સુખ કોણે ભાળ્યું સંસારમાં
સાહ્યબીમાં સુખ કોણે ભાળ્યું

કાયા નકામી હાડકાં હરામી,
જીવતર થાય નકામું
પગલે પગલે ઉતરવું હેઠે
મોટા થઈને મન વાળ્યું —૦

લાખને નિસાસે સાહ્યબી વસાવી
એમાં નિરાંત હોય કયાંથી
છત્તર પલંગે પોઢવું ભલે પણ
ઓશીકે આગની ઝાળ્યું —૦

ઉંચે ચઢતાં આંખે આંધી
સાચું ત્યાં કાંઈ નવ સૂઝે,
સામે સલામ અને મોઢે વખાણુ
પણ પાછળથી હોય છે ગાળ્યું —૦

——(૦)——

કયાં ઘડી કાયા — કયાં ઘડનારો?
કયાં છે વિસામા — કયાં છે ઉગારો?
આ જળધારા જેમ વહે છે,
તેમ વહે છે આ જન્મારો —૦
તાકત ઓછી, જીવતર થોડાં-
માથે ઉપાડયો સાપનો ભારો —૦

ગાનાર પાત્ર : અક્ષયરાજ નાટક : અક્ષયરાજ
શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ ૧૯૩૮

—(૦)—

છે કામના રમકડું રમનાર થાય બાળક,
અગ્નિની ઝાળ સાથે રમવાને જાય બાળક.
મોટાં છતાંય જેની બુદ્ધિ છે બાળકોની
તાત, ગણાય જગમાં મોટા છતાંય બાળક.
ઉંચે છે ચંદ્ર આઘે તેને ચહે પકડવા
દર્પણમાં ચંદ્ર પૂરી મનમાં ફૂલાય બાળક.

ગાનાર પાત્ર: બાળકુમાર નાટક : અક્ષયરાજ

—(૦)—

સંપૂર્ણ જંગતમાં ઈશ્વર એકજ
માનવ માત્ર અધુરાં
સદ્દગુણ જુએ છે શાણાને,
અવગુણ અપાત્ર અધુરાં.
કોઈને રચનારે રૂપ દીધાં,
કોઈને દીધાં છે જ્ઞાન.
કોઈ ધન ઘેલાં કોઈ રસઘેલાં.
કોઇને દીધાં અભિમાન.
સઘળું નવ સાથ દીધું કોઇને,
એ ભૂલે પાત્ર અધૂરાં.

ગાનાર પાત્રો : પુષ્કર ને સમતા નાટક : વડીલોના વાંકે
શ્રી દેશી નાટક સમાજ ૧૯૩૮

મીઠા લાગ્યા તે મને, આજના ઉજાગરા,
જોતી'તી વ્હાલાની વાટ રે,
અલબેલા કાજે ઉજાગરો —૦
પગલે પગલે એના ભણકારા વાગતા
અંતરમાં અમથા ઉચાટ રે,
અલબેલા કાજે ઉજાગરો —૦
બાંધી મેં હોડ આજ,
નીંદરડી સાથ ત્યાં.
વેરણ હીંચોળા ખાટ રે,
અલબેલા કાજે ઉજાગરો —૦
ઘેરાતી આંખડીને,
દીધાં સોગન મેં.
મટકું માર્યું તો તારી વાતરે,
અલબેલા કાજે ઉજાગરા —૦
આજનાં તે જાગરણે,
આતમા જગાડયો.
(જાણે) ઊભી હું ગંગાને ઘાટ રે,
અલબેલા કાજે ઉજાગરા —૦

ગાનાર પાત્ર : સમતા        નાટક : વડીલોના વાંકે

ભણી ગણીને ભાષણ કરવા
તમે જશો ત્યારે તે ઘરની વેઠ
કરશે કોણ ?
અને તમે જો અભણ રહ્યાં તો
તમને ઘર વહેવાર
બેની કહો શીખવશે કોણ ?
રાજ આપણું રાંધણીયામાં
પ્રધાન પાણીયારાં
નારીજીવન તુચ્છ ન સમજો
મનોરાજ્ય ન્યારા.
ગમાર રહેશે ગૃહદેવી તો
રાજ્ય ચલવશે કોણ ?
ધરમ આપણો ધણીની સેવા,
સફળ કરે જન્મારો
નથી મૂલ્ય કેવળ સેવામાં
જો ન હોય સંસ્કારો.
સોનું પણ જો ઘડયા વગરનું
કંઠે ધરશે કોણ ?
બ્હેની કહો શીખવશે કોણ ?

ગાનાર પાત્રો : સમતા–સોહાગ નાટક : વડીલોના વાંકે

———*———

જનેતાએ દિકરીને સોઢાડી સાસરે
હૈયે ચાંપીને એને દીધો શિખામણ
જાળવજે પિયરની લાજ રે, હો દિકરી
દોહ્યલા છે સાસર વાસ રે—૦

મહેણાં સાસુનાં બ્હેન-સાંખતા તે શીખજે
સાંખી રહેવામાં છે સુખ રે હો દિકરી.
હૈયે તે રાખજે હુલ્લાસ રે—૦

કાઢી પીયર એના ચમકતા ભાલમાં
ટીલડી ચોંડીને કહે માત રે, હો દિકરી
ટીલડીનો રાખજે ઉજાસરે,
દોહ્યલા છે સાસર વાસ રે—૦

ગાનાર પાત્રો : સમતા-અને સાહેલીઓ નાટક : વડીલોના વાંકે



લેશો નિસાસા – પરણેતરના –
થાશો સુખી શી પેર,
પરણી થાશો દુઃખી.

માનવીમાંથી કીધો જનાવર –
વાળુ હવે હું વેર,
પરણી થાશું સુખી.

બબ્બે તે ઘરબાર ક્યાંથી નિભાવશો,
બબ્બે છે છોકરાં ઘેર,
જોઈતું નથી ઘર તારૂં કંકાસણી
કીધું તેં જીવતર ઝેર,
પરણી થાશું સુખી.

મારા જેવી કોઈ મળશે ન ખોળતાં
પાછા પધારશો ઘેર,
વરલીની પાળે વાળું પદ્માસન
પાછો ન આવું ઘેર,
પરણી થાશું સુખી.

ગાનાર પાત્ર : જનાર્દન ને જમના ઝાપટે   નાટક : વડીલોના વાંકે

શિતળ છે ને દાહક પણ છે,
મોહક રૂપ અમારાં
અરપણ કીધાં તેને જ્યોત
બીજાને અંધારા—૦

રૂપ મહીં એ આગ વસી-
જેમ ઠંડી આગ હીમાળે
વિકાર ભાવે જો નીરખો તો
નિરખનાર ને બાળે,
ખરીદનારા ખોટ ખમે છે,
એનાં મૂલ્ય અકારાં—૦

ગાનાર પાત્ર : સોહાગ નાટક : વડીલોના વાંકે

—(૦)—

દીલ હોય અમીરી બિરાદર તો
એ હાલ છતાંય અમીરી છે.
કંગાલ જીગર જો હોય નહીં
કંગાલી માંહે અમીરી છે.
ધન આવે ને વહી જાય ભલે,
હક્ક જાળવજે હક્કનું ખાજે.
ના હીણુ કમાઇ પર નભ તો,
એ તારો ન્યાય અમીરી છે.

ગાનાર પાત્ર : બદમાશ રાણુના બંન્ને દીકરાઓ નાટક : વડીલોના વાંકે

કોઈ ના કહે છે તમને, એનું જ નામ આત્મા,
રોકે છે પાપ કરતાં – માનવને આમ આત્મા.
કોઈ પાપ પંથે જાતાં પગલું પ્રથમ જે અચકે
કારણ જુઓ તો એનું હૃદયે વિરામ આત્મા.

દુષ્કર્મ ઘોર કરતાં ધ્રુજે છે હાથ થરથર
ડંખી રહ્યું છે હૈયું – રૂંધે હામ આત્મા.

ધન જોઈએ તો લ્યો ભલે–
આત્મ દ્રોહી નવ થાવ

તનની તૃષ્ણા હોય તો
કરો હૃદય પર ઘાવ

હણવાને એક તત્પર
બીજો હણાઈ જવા

બન્ને હૃદયમહીં છે
રમનાર રામ આત્મા.

ગાનાર પાત્ર : પુષ્કર

નાટક : વડીલોના વાંકે

આ તો લાખેણી લજ્જા કહેવાય
શોભે ઘુંઘટડો.

ચંદ્ર જાણે વાદળમાં છૂપાય
શોભે ઘુંઘટડો.

મને થાતી મૂંઝવણી ને આંખો રૂંધાય
શોભે ઘુંઘટડો.

ભાવ અંતરના ઘુંઘટમાં છાના રહે,
નથી અંતર તો અંતરપટ શાના હવે,
ઢાલ સુંદરતા કેરી લેખાય —
શોભે ઘુંઘટડો.

રૂપ શોભે છે લજ્જાની ઓથે રહી
નથી શોભા જોતી જે મૂંઝાવી રહી
મન મૂંઝે ને નૈણા હરખાય —
શોભે ઘુંઘટડો.

ગાનાર પાત્રો : સમતા, સુરેન્દ્ર, સોહાગ, સખીઓ   નાટક : વડીલોના વાંકે

નરનારીથી સંસાર, સમજી જવાબદારી
બે સરખાં જવાબદાર સમજી જવાબદારી

પુરુષ પ્રકૃતિ બન્ને સરખાં
સરજનહારે સરજ્યાં

હું સમજી નહીં ગમાર
વસમી જવાબદારી—૦

વિણ અભ્યાસે અમે અધુરાં
અમને તમે નિખાર્યા.

એ નથી કર્યો ઉપકાર
વસમી જવાબદારી—૦

હું જીવન આધાર હોઉં તો
તું છે જીવન તરણી.

તમે સૂરજ હું ઝણકાર,
સમજી જવાબદારી—૦

ગાનાર પાત્રો : પુષ્કર ને સમતા      નાટક : વડીલોના વાંકે

છાનો છાનો રે નંદનો કિશોર
માખણ ચોર—

તારી વાંસલડી ચિત્તની ચોર
માખણ ચોર—

તારી કાંધે છે કામળી કાળીકાળી
ઘેલી થાતી રાધા તને ભાળીભાળી
ચોરી લીધા તેં ગોપીના હૈયાં ચકોર
માખણ ચોર—

તું તો માગે છે દાણ વ્રજ વાટે
ઉભો કાલંદરી ને ઘાટે ઘાટે,
ચીર ખેંચીને નાસી જતો નઠોર
માખણ ચોર—

ગાયક પાત્ર : નચિકેતા    નાટક : વડીલોના વાંકે

ચતુરાઇ અમને વરી તમોને એ ઉછીની મળી
તમારી મતિ પાનીયે ઠરી, બનો કાં હળવા હાથે કરી

નર કરી પરાક્રમ સંપત લાવે, ને શોભાવે નારી
હોય અલ્પ છતાં પણ અધીક બનાવે ભાગ્ય જગાવે નારી.
ભાગ્ય નભે છે કર્મ ઉપરં એ વાત વિચારો જરી

પુરુષારથ સાથ પુરુષોને જડતા જગનાથે આપી,
ચતુરાઈ સાથે સુંદરતા ચપળાના ભાગ્યે સ્થાયી
એ ભાગ્ય લેખ પર તમે લલાટે કાજળરેખા કરી.

ગાનાર પાત્રો : સુબાહુ–મંદારપ્રજ્ઞા નાટક : ગંગા કિનારે
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૦



## શુકરંભા સંવાદ:—

શુક: વૃથા ગયો અવતાર,
એનો વૃથા ગયો અવતાર—૦
જેણે નહીં સેવ્યા કિરતાર

રંભા: નહીં, જેણે નહીં સેવ્યો સંસાર
એનો વૃથા ગયો અવતાર—૦

રંભા: વન વન અશોક આંબા ડાળી,
ડાળેડાળે કોકિલ કુંજે,

છતાંય જેને મન્મથ મસ્તી,
ચડે નહીં તલભાર
એનો વૃથા ગયો અવતાર ૦

શુક: વનવન વૃંદા વનવન સંતો
શ્રીવરના ગુણ ગાય

છતાંય જેને સંત સમાગમ
સૂઝે નહીં પલવાર એનો—૦

રંભા: શ્વાસે શ્વાસે સુવાસ મહેકે,
અંગે ફૂલ સુગંધી

નહીં ઝીલે કે નહીં સાંભળ્યા
ઝાંઝરના ઝણકાર એનો—૦

શુક : શ્વાસે શ્વાસે જીવન ઘટતું ઘડી ઘડી ઘટમાળ
એ ઘટનામાં ઘટઘટ વ્યાપક,
ભૂલ્યો જીવ ગમાર એનો—૦

રંભા : નહીં પુરુષોતન ત્યાં શું કહેવું
બધીરને શું ગાવું.
અંધ સમીપે ધરી આરસી
શું નીરખે શણગાર એનો—૦

શુક : હલકાં મોઢાં હલકું બોલે,
એથી શું શરમાવું
વિવેક ભ્રષ્ટાથી શું વાતો
શું કરવી તકરાર, એનો—૦

ગાનાર પાત્ર : શુકદેવ ને રંભા નાટક : દૈવી સંકેત
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૧

બોલતી નહીં, બોલતી નહીં,
બેનડી બેઠી ડાળ
વિજોગણ બોલતી નહીં—૦

ડોલતી નહીં ડોલતી નહીં
બેનડી તું છે બાળ
ઝાઝું બોલતી નહીં—૦

ભરઊનાળે તાપ તપીને,
ટુહુટુહુ જપમાળ જપીને,
કાળાં બની ગઇ કોયલ બ્હેની,
કંઠ હવે સંભાળ
ઝાઝું બોલતો નહીં—૦

સ્નેહસમાધિ મેં ચડાવી,
ત્યાં વિજોગણ તેં જગાવી
હવે બોલી તો બળીજળી છું,
દઇશ તને હું ગાળ—૦
નભની કોરે ફુલડાં વીણી
કળીઓ ગુંથી ઝીણી ઝીણી
એને વધાવો ગુંથેલ મારી
અધૂરી મોહન માળ—૦

ગાનાર પાત્ર : રત્નાવલી નાટક- "દૈવી સંકેત"

એ દિન ક્યારે આવે, ?
પ્રિયતમ, એ દિન ક્યારે આવે ?
કે મનમોહન મનહરણીને માટે
મહેલ બંધાવે —
કે મનમોહન કોઈ ઉપવનમાં
એક મઢૂલી બનાવે,
પ્રિયતમ, એ દિન ક્યારે આવે...
હોય ભાવના કેરી ભીંતો —
તરૂલત્તા મંડપ શોભીતો
કેવડીયાના કાંટા રોપી
એની વાડ બનાવે
વિષયપંક પુરી પાયામાં
ઉપર તુલસી વાવે
એ દિન ક્યારે આવે...
પ્રેમ લક્ષણા ધુન જમાવી —
નખલી આ નયનોની બનાવી
જીવન મનના તાર મીલાવી
આતમ બીન બજાવે.
પ્રિયતમ એ દિન ક્યારે આવે...

ગાનાર પાત્રો : નીરા, અનુપમ નાટક : સંપત્તિ માટે
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૧

—(૦)—

મનને સુબુદ્ધિ સાથે
તોફાન આજ જામ્યું.

સૂઝે નહીં નિવેડો, કોનું કહ્યું હું માનું૦—?
બુદ્ધિ કહે સંસારી છો, સ્વાર્થ સંભાળો,
આદર્શ નીરાળા ને, વહેવાર નિરાળો
પણ મન કહે છે કે જીવન
આદર્શો હોમવાનું
મનને સુબુદ્ધિ સાથે૦—

સહીયર કહે છે તારા હૈયાને પૂછી જો
હૈયું કહે આ મૂરખી પ્રીતમને પૂછી જો
પ્રીતમ કહે છે આ છે
તકરારનું જ બ્હાનું
મનને સુબુદ્ધિ સાથે૦—

ગાનાર પાત્ર : નીરા
નાટક : સંપત્તિ માટે



ધનવાન જીવન માણે છે,
નિર્ધન એ બોજો તાણે છે.
કોઈ અનુભવીને પૂછી જો,
કે, કોણ જીવી જાણે છે.

બેહાલ ગરીબનાં બાલુડાં
પૈસે પૈસે હોય ટળવળતાં
ખાવાનું ત્યાં ખાનાર કેરી
ખોટ આંસુ સારે છે.
નિર્ધન એ બોજો તાણે છે૦—

નારી ગરીબ, દળણાં દળતી
ધનવાળી હીરે જળહળતી.
હીરા, મોતીવાળી રોતી —
એનો કંથ વિલાસો માણે છે-
નિર્ધન એ બોજો તાણે છે૦—

ગુણ દોષ ભલે હો ધનમદમાં
પણ નમતાં પલ્લા સંપદના
સુખ, સંપદનાં, સુખના વલખાં,
જનસંતોષી સુખ માણે છે.
નિર્ધન એ બોજો તાણે છે૦—

ગાનાર પાત્રો : નીરા, અમ્બુજા નાટક : સંપત્તિ માટે

—(૦)—

કોયલના કંઠમાંથી
બુલબુલની ચહકમાંથી
દર્દ જશો ના, દર્દ જશો ના,
વ્હાલાના બોલમાંથી
લોચન વિલોલમાંથી
એ દર્દ જશો ના (૨)
દુઃખો બધા ભૂલાવે, હોઠોમાં હાસ્ય લાવે.
એ પ્રેમ અમરમાંથી કે પ્રેમી જીગરમાંથી
એ દર્દ જશો ના (૨)
માતાના ક્રોધમાંથી
બહેનીના બોધમાંથી
રસિયાની રીસમાંથી
ચાતકની ચીસમાંથી
એ દર્દ જશો ના
જે દર્દ ભર્યે હૈયે-પાપી નમે પ્રભુને
એના નિસાસામાંથી
અશ્રુ પિપાસામાંથી
એ દર્દ જશો ના (૨)

ગાનાર પાત્ર: તનુલત્તા અને નાદાર શેઠ નાટક : સંપત્તિ માટે

૮૫

સાંભરે રે, બાળપણનાં સંભારણાં
જાણે ઉઘડતાં જીવનનાં બારણાં
એ બાળપણના સંભારણા...
ફૂલસમા હસતાં -- ખીલતાતાં
પવન સમા લહેરાતાં
ગાતાતાં – ભણુતાતા — મસ્તીમાં
મસ્ત મનાતાં
ન્હાતાંતા વિદ્યાના વારણા
એ બાળપણના...
રખેને બોલ્યું કોઈ સાંભળશે,
એની ચિંતા નહોતી
ભય નહોતો – મદ નહોતો
પ્રીતિની પીડા નહોતી
નહોતી કોઈ ઝાઝી વિચારણા
એ બાળપણના સંભારણા...
કોઇ અજાણ્યા નરને હોંશે
પ્રિયતમ કહેવું પડશે.
વણમૂલે વણવાંકે, દાસી થઈ રહેવું પડશે.
નહોતી મેં ધારી આ ધારણા
એ બાળપણનાં સંભારણા...

ગાનાર પાત્ર : અમ્બુજા નાટક : સંપત્તિ માટે

—(૦)—

ખોટું બોલશોમાં
નીતિ છોડશોમાં
ચાર શિખામણ માએ દીધી
એમાં પહેલી એ,
ખોટું બોલશો માં

સચરાચર સર્વત્ર વસે છે,
(એ) સઘળું નિરખે છે.
એને ભૂલશો માં – ઝાઝાં ફૂલશો માં
ખોટું બોલશો માં

ભૂલ કરો તો ભલે કરો
પણ છુપાવવા માટે,
યુક્તિ ખોળશો માં
ડહાપણ ડોળશો માં
ખોટું બોલશો માં

અવગુણ અથવા વાંક આપણા
બીજાને માથે, કદી ઢાળશો માં
ખોટું બોલશો માં.

ગાનાર પાત્ર : રોહીત નાટક : સંપત્તિ માટે

પારેવડા જાજે વીરાના દેશમાં
આટલું કહેજે સંદેશમાં
પારેવડા...

વીરો સીધાવ્યો માતૃભૂમિને વારણે
કોઈ પ્રેમહીણા પ્રદેશમાં
પારેવડા...

કહેજે કે બ્હેનડીએ લીધો છે, બાધા
રહેવું છે બાળા વેશમાં
પારેવડા...

ભાભી તારા પુસ્તકોની આરતી ઉતારે,
વેણી નથી બાંધતી કેશમાં

ભારતમાતાનું માન વીર તેં દિપાવ્યું
કહેવું શું ઝાઝું ઉપદેશમાં
પારેવડા...

ગરબો – ગાનાર પાત્રો : અમ્બુજા ને સખીઓ     નાટક : સંપત્તિ માટે



બિચારો ન થા, બાપડો ન થા,
શાણાની સાથે શાણો, દુર્જનથી દુર્જન થા,
શાણા છે થોડા થોડા શયતાન છે ઘણા
શયતાનથી શયતાની સમજીને કરતો જા,
શાણાની સાથે શાણો...

હથિયાર રાખી મ્યાનમાં નિશાન રાખી ચુપ.
મ્હાત કર દુશ્મનને જબાન રાખી ચુપ
ગુપચુપ કરીને ઘા, ખુબીથી કરતો થા
શાણાની સાથે...

બાપડો થયો તો લોકો તને રડાવશે.
ભોળો થયો તો ભૂંડા તને સતાવશે.
સરજોર થોડો થા, થોડીક ગાળો ખા,
શાણાની સાથે...

ગાનાર પાત્ર : ઉલ્લાસ

નાટક : સંપત્તિ માટે

સહુને હોય જીવનમાં
કદી તડકા કદી છાયા
(એ) તડકા ના સહે એવી
ન કરીએ લાડકી કાયા
સહુને...

ઘડે જીંદગી તડકા,
ખરૂં શિખવે દુઃખી દિવસો
સુખી દિવસો વધારે છે
વિનાશની વૈભવની માયા
સહુને...

રહો રોતાં અગર હસતાં
પડે છે તાપ સહેવાનાં
તો હસતાં કાં નહીં
સ્હેવા વિષમવેળાના પડછાયા
સહુને...

ગાનાર પાત્ર : નીરા નાટક : સંપત્તિ માટે

શ્રવણ સુકુમાર,
શ્રદ્ધાના અવતાર સરીખો,
(એ) હતો શ્રવણ સુકુમાર...

એણે કાવડ કાંધ ઉપાડી,
એમાં માતપિતા બેસાડી,
અભિલાષા પૂરી પાડી,
કુળનો તારણહાર,
(એ) હતો શ્રવણ સુકુમાર...

એણે અડસઠ તીરથ કીધાં
ગંગા જમના જળ પીધાં
ફળ માત પિતાને દીધાં
પોતે રાખ્યો શ્રમનો ભાર.
(એ) હતો શ્રવણ સુકુમાર...

ગાનાર પાત્રો : દીપક અને વાસંતી નાટક : સંતાનોનો વાંકે
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૪



નિર્ભય થજે કુમાર,
જીતી જવું જો તારે,
ભય જિતજે કુમાર,
સિદ્ધિ ચહેજો દ્વારે...
તું માતનો દુલારો
તું તાતનો સહારો
કર્તવ્ય માર્ગ તારો ને
એ નિરધાર ચૂકીશ ના લગારે...

સુકુમાર વયે શંકર ભગવાને ભેખ ધાર્યો
સુકુમાર વયે ધ્રુવે તપથી સુવંશ તાર્યો,
સુકુમાર અભિમન્યુએ ચક્રવ્યૂહ વિદાર્યો
સુકુમાર વયે કૃષ્ણે બલવાન કંસ માર્યો
આદર્શ એ ઉતાર
અંતર કુમાર તારે,
સંસાર આ વિશાળ ગણજે ખરી નિશાળ,
ચારિત્ર તિલક ભાલ
જો હોય તો આ વિશ્વના આંધી
અગર અંધાર,
નડશે નહીં લગારે...

ગાનાર પાત્ર: સમૂહગીત નાટક: સંતાનોના વાંકે

જગથી ડરવું ઘટે,
જગત નિંદાથી ડરવું ઘટે,
પ્રતિષ્ઠા ખાતર મરવું ઘટે.
જગત નિંદાથી...

જગ નિંદા કાજળનું ઘર છે.
એનાથી બચવું છે દુષ્કર છે,
ઉજળા વસ્ત્રે ડાઘ પડયો તે
મૃત્યુથી ના માટે
જગત નિંદાથી...

હોય હૃદય – નિષ્પાપ છતાંયે
જગ નિંદાની શિક્ષા થાયે
જેમ જાનકી ને શ્રી રામે
કાઢયાં ગંગા તટે.
જગત નિંદાથી...

ગાનાર પાત્ર : અનુકંપા નાટક : સંતાનોના વાંકે



પાસું પ્રભુએ ફેરવ્યું પૂછ્યું શ્રીને એમ
શૈય્યા શીતળ શેષની ઉની લાગી કેમ ?
કહે છે કમળા કમળા વરને
હૈયાં દાઝયાં છે ધરણીનાં
લોપાયાં ધર્મ, ક્ષમા સેવા,
સોપાનો સ્વર્ગ નીસરણીનાં...
કહીં માત રડે, કહીં તાત રડે,
કહીં વડીલજનોને લાત પડે
એનાં આંસુથી ભીંજે ધરતી
જળ ખળભળતાં સૂરસરણીના....
ફૂળ ધર્મ જતાં શાંતિ વહી ગઈ
શ્રદ્ધા પણ ગઈ સેવા પણ ગઇ
કેવળ વ્યાપી રહી છે જડતા
કડવા ફળ છે આકરણીનાં...

ગાનાર પાત્ર : અનુકંપા નાટક : સંતાનોને વાંકે

૯૪

કયાંથી લાગ્યો રે? કોણે દીધો રે,
મેંદી આ રંગતને પ્રીતડીનો
સાહ્યાબાને રૂચે, સહિયરને ખૂંચે,
મેંદી આ રંગ તને પ્રીતડીનો.
છેવાડા ખેતરની વાડેથી ઉતરી,
બેઠી તું અંગરાગ સાથે
ને ગોરા ગોરા હાથે,
ને પંથ જડયો પ્રીતડીનો...
એક દિન રાધાજીને પંથ જતાં,
ડસ્યો મેંદીનો ડંખ જરા નખમાં.
હરિને કહ્યું મેંદીને આપો સજા
એને ચૂંટી ભરો નખમાં નખમાં
ચૂંટી ભરી ને એને ચૂંટી
ઘનશ્યામે એને ઘૂંટી
ને રંગ ચડયો પ્રીતડીનો....
શાલિગ્રામ થકી શિરને પટકી,
પાનેપાન થયાં કટકી કટકી,
મદ મૂકયો જરાને જરી ફટકી,
હરિ હાથ ચડીને ચડી ચટકી
રાધાની રીસ ગઈ,
મેંદી માનીતી થઈ ત્યાંથી તે
રંગ ચડયો પ્રીતડીનો....

ગાનાર પાત્ર : વસુધા નાટક : સમય સાથે
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૫

—(૦)—

## ૯૫

સરયુ તટ રામ વસે અવિનાશી
રામ વસે, અભિરામ વસે,
સરયુ તટ રામ વસે...

શબરી નિશિવાસર રામ રટે,
સીતા નિશદિન એ નામ રટે,
શશિધર નિર્ગુણ નિષ્કામ રટે,
તુલસી રસના અવિરામ રટે,
સરયુ તટ રામ વસે...

ભરત રટે વનમાં વનમાં
દશકંધ રટે મનમાં મનમાં
લક્ષ્મણના આતમ રામ પ્રભુ
હનુમાન રટે તનમાં મનમાં
સરયુ તટ રામ વસે...

ગાનાર પાત્ર : નિર્ગુણ

નાટક : સમય સાથે



મનડું મીરાં બન્યું છે
તું શ્યામ હો કે ના હો,
સરયુ છે ધન્ય તું થી
તું રામ હો કે ના હો...
મીરાં બનો ખુશીથી
હું શ્યામ થઇ શકું ના
માટીનો તુચ્છ માનવ
ઘનશ્યામ થઇ શકું ના
પથ્થર છે દેવ મારો
કોઈ નામ હો કે ના હો...
જડતો નથી વિસામો
એ માર્ગે ન જઇએ
અભિલાષ આંધળી એ
આ ભવમાં એક થઇએ
પરભવની સાધના છે,
આરામ હો કે ના હો...

ગાનાર પાત્ર : સરયુ ને નિર્ગુણ    નાટક : સમય સાથે



રોતી નથી હું બ્હેન
આંખમાં કણું પડ્યું,
એથી રાતા સલુણા નેણ.
આંખમાં કણું પડ્યું...
કરતી'તી ભેગાં ફુલના કેસર.
ઝીણાં પરાગનાં દાણા
લ્હેરખી આવી મીઠા પવનની
એ થઈ છે જીવલેણ
આંખમાં કણું પડ્યું...
પાંપણને ખૂણે ખોવ્યું જડે ના
ખટકે ઝીણું ઝીણું
ચોળી ચોળી થઇ આંખો એ રાતી
એને કહેશોનાં મદ ઘેન
આંખમાં કણું પડ્યું....

ગાનાર પાત્ર : હીરૂ ને હોયલ નાટક : સુર મોહિની
શ્રી દેશી નાટક સમાજ, ૧૯૪૨

એક ચંદ્ર હસે આકાશ મહીં
કુમુદિની હસે જલમાં જલમાં
હસતી રહી પ્રકૃતિ પૂર્ણ રૂપે
અવનિતલમાં સ્થલમાં જલમાં...

રૂડી તારલિયાની સાડી ધરી
નાની વાદળીઓ આડી ધરી
રજનો રમતી રસ ઝીલી રહી
લ્હાજે પલમાં રાજે પલમાં...

એક ચંદ્ર નહીં બે ચંદ્ર ઉગ્યા
એક વિલસે છે નભ મંડલમાં
બીજો કુમુદિનીના દિલમાં
સરસિજ સમો જલમાં — જલમાં...

ગાનાર પાત્ર : હોથલ અને ઓઢો નાટક : સુરમોહિની



રાત સાક્ષી રૂપે અજવાળી રહી
લગ્નવેદી આ સરવરની પાળી રહી
લગ્ન માળા કરમાળા રૂપાળી રહી
સ્વસ્તિ વાચન આ ચંદા સંભાળી રહી
રાત સાક્ષી રૂપે—

અંતરિક્ષે આશિષ દે છે, પ્રેમદેવીઓ
પવન લહેરી પોંખે છે આપણને જુઓ
ફૂલવેલી જાનડીઓ શરમાળી રહી
ગીત કોયલડી ગાતી રસાળી રહી
રાત સાક્ષી રૂપે—

પ્રેમ લગ્ને આડંબર જોઈએ નહીં
એના સાક્ષી અંતર, અન્ય કોઈએ નહીં
જતી વાસનાઓ જવતલ બાળી રહી
દૃષ્ટિ કરૂણાનિધિની નિહાળી રહી
રાત સાક્ષી રૂપે—

ગાનાર પાત્ર : હોથલ ને ઓઢો

નાટક : સુરમોહિની



સાલુડો ઓઢું ઓઢું ને સરી જાય છે.
દામણી બાંધુ બાંધુ ને છૂટી જાય રે,
સાલુડો—

સાહ્યબો જીતી આવ્યો છે રણ જંગમાં
એને વ્હાલે વધાવવા ઉમંગમાં
હરખ આજે હૈયામાં ન માય રે,
સાલુડો—

હૈયું ઉડી ઉડીને જાય બારણે,
પગલાં પાછાં પડે વગર કારણે,
હાર પહેરૂં તો વેણી વિસરાય રે,
સાલુડો—

ટોડલે તોરણ બાંધ્યા ને હાર વિસરી
કંકુ ઘોળ્યાં ને કંસાર વિસરી,
જીવ આજે ભૂલકણો થાય રે,
સાલુડો—

ગાનાર પાત્ર : હીર   નાટક : સુર મોહિની

ખોળે બેસી મધુર હસતું બોલતું કાલું કાલુ
માબાપને શિશુવદન એ લાગતું વ્હાલું વ્હાલું,
નાના પગની મલિન રજથી વસ્ત્ર મેલાં છે જેનાં,
એ બાપો મહદ્ સુખીયાં ધન્ય છે સદ્મ એનાં.

ઉપાધિઓ એ મધુરી લાગે
હૈયે ભરતી હરખની જાગે—

રચ્યા સાથિયા કંકુ ઘોળી
આંગણીયે પૂરી રંગોળી
ત્યાં તો આવી પાડે પગલાં
ને હસી હસી ભાગે—

નાની પ્યાલી નાની થાળી,
પાટલો મોટો ઢાળી.
કાલું કાલું કહી કોળીયો નાનકડો માગે—

બાલુડાં ખિલખિલાટ કરતાં.
ભવન એ ભાગ્યવાન ઠરતાં.
સંસારીનાં એ સૌ સુખડાંને દેવો પણ માગે—

ગાનાર પાત્ર : સેવામયી
નાટક : ગાડાનો બેલ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૬

76730

ભૂલતો ના, ભૂલતો ના,
ભીડ પડી ત્યારે ભાળ લેજે ભગવાન.
આટલું ભૂલતો ના
જાય બધું પણ ધીરજનું ધન જાય ના ગુણનિધાન,
આટલું—

સુખનાં સાથી હોય બધાં પણ દુઃખનો સાથી તું,
દયામય દુઃખનો સાથી તું
ભૂલીયે અમે, તું નહીં ભૂલે માટે મહિમાવાન
આટલું—

ઘર ભાંગ્યું અને આશરા ભાંગ્યા ભાંગી પડયાં
--અભિલાષ
બધાએ ભાંગી પડયાં અભિલાષ,
મન ભાંગ્યા પહેલાં મુજ દુઃખીનાં ઝૂંટવી લેજે પ્રાણ.
આટલું—

પંથ લાંબો ને પાંખ કપાણી આંધી ચારે કોર.
ભાસે છે આંધી ચારે કોર,
ટમટમે મારો દીવડો નાનો રાખજે એનું ધ્યાન
આટલું—

ગાનાર પાત્ર : સેવામયી નાટક : ગાડાનો બેલ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૬

હતું એક વૃક્ષ આંબાનું અને શીતળ હતી છાયા
પ્રવાસી આવીને બેઠાં અને ફળ ખાઈ હરખાયાં.
અમે માન્યું અમે સુખીયાં વિધીને સુખ એ ખૂચ્યું
ગયું તરૂવર ગઈ છાયા ગયા તે સાથ પડછાયા.
દિવસ એ વહી ગયા ઓ મને અને આ, પણ વહી જાશે
હતું ના કોઈ, નથી કોઈએ, હતી માયા તણી માયા.
અમે કોઈને નિભાવ્યાનો કદી ના ગર્વ રાખ્યો છે
નિભાવી લે અમોને તું વિનંતી એજ જગરાયા.

ગાનાર પાત્ર : સેવામયી નાટક : ગાડાનો બેલ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૬

—(૦)—

પિયરીયું સાંભરે, બાઈ, મને પિયરીયું સાંભરે
સાંભરે માડીના હેત—૦

ગાડું વળાવ્યું ત્યારે રોતી'તી માવડી.
બાપુ ઉભા'તા અચેત—૦

એકજ ઓસરીએ હતા ચાર ચાર ઓરડા આંગણીયે
લીમડાની છાયા
ગાતી'તી હું ત્યારે ઘેરીને બેસતી ગાયું વાછરડાં સમેત—૦

ખેતર લીલુંડાને લહેરાતી વાડીયું ખેલતાં ધરતીને ખોળે.
દીઠી જો હોત ફરી મહીયરની માયા મોઢે માંગ્યાં મૂલ દેત—૦

ગાનાર પાત્રો : કૌશલ્યા અને સુરભિ નાટક : શંભુ મેળો
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

—(૦)—

હસતાં, હસતાં, ખેલીએ જીવનનાં સંગ્રામ
રમતાં, રમતાં, રાખીએ હાર્યા હૈયે હામ—૦

કડવા ઘુંટ હંમેશાં ગળવા. કડવા બોલ સદા સાંભળવા
અગર આવડે તો અવસર પર દઈએ ટાઢા ડામ—૦

દુઃખડાં શાં દીધાં અબળાને કરૂણાં શી કીધી ભગવાને
માટે તો સમરે છે સૃષ્ટિ સતિઓનાં શુભ નામ—૦

એવાં ઉંડાં શીદ ઉતરીયે મુસીબત તે શીદને નોતરીયે
મુસીબતોમાં મઝા માણવી જીવન એનું નામ—૦

ગાનાર પાત્રો : સુરભિ અને ચંદ્રાવલી નાટક : શંભુમેળો
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

—(૦)—

હું શિખી કેવળ બે અક્ષર, 'શ્રદ્ધા' એ મારૂં જીવન છે
નિર્ધન હું, એ મારું ધન છે, દુઃખિયારીનું આશ્વાસન છે—
—૦

શ્રદ્ધાવિણ ધર્મ સદા નિર્બળ; શ્રદ્ધાવિણ સત્ય જડે નહિ,
મન નિશ્ચળ, તો હિમાચળ એ, મન ચંચળ તો એ રજકણ છે
—૦

કિરતાર કહ્યું છે ત્હેં પોતે શ્રદ્ધાળુ સઘળું મેળવશે
એ કહેનારો જો, તું ખોટો, તો હું ખોટી, ખોટું પણ છે.
—૦

ગાનાર પાત્ર : સુનીતા નાટક : શંભુ મેળો
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

ગોકુળ આવ્યું છે મારે આંગણે, એકવાર આવો મહારાજ
લીલુડા વાંસની વાંસળી ઘડાવું, હોંશે બજાવો મહારાજ...

નાનકડા ઘાટ અમે બાંધ્યા મારગડે
ગોરસનાં માટ ભરી મુકયાં મારગડે.

વૃંદાનાં વન અહીં, ધેનુનાં ધન અહીં, સાથે ગોપીજન
લાવો મહારાજ...

વાયુ બાંધ્યા ને અમે બાંધી છે વીજળી
પાણી પવનથી જોડી છે પ્રીતડી
બંસીનો બટ અહીં, કાલીંદી તટ અહિં,
રમઝટ પાછી જગાવો મહારાજ....

ગાનાર પાત્ર : ચંદ્રાવલી, અરૂણ, વિભા, યામિની, સુજાતા વિ.

નાટક : શંભુ મેળો

શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

આ તન માળો પ્રાણ પંખી, દુનિયા પંખી મેળો
લઇએ પળભર, લ્હાણ પંખી, દુનિયાં પંખી મેળો—
ધરતી કોની, નીર કોનાં કણ કોણે સરજાવ્યાં ?
કોનાં છે નિર્માણ પંખી, દુનિયા પંખી મેળો—
ભૂમિમાતના દુધ સરિખા દુધ ભરેલા દાણા
નહીં કર, કે નહીં દાણ પંખી, દુનિયા પંખી મેળો--
કરે સંઘરો કાલ માટે, માનવ શ્રદ્ધાહીણાં
આપણ શ્રદ્ધાવાન પંખી, દુનિયા પંખી મેળો--

ગાનાર પાત્ર : જડભરત — નાટક : સામે પાર
શ્રી દેશી નાટક સમાજ–૧૯૪૮

એક વિરહી પાડોશણુ રે
વિરહ ગીત વગાડે, મને રોજ જગાડે...
એનો પિયુ પરદેશ, એમાં અમને હંમેશ,
એ શું કામ દઝાડે...
મુઈ કહે છે ભવન ભર્યાં સુનાં સુનાં
હરિચંદન, સુમન લાગે ઉન્હાં ઉન્હાં
પછી ચંદન શું કામ અલી અંગ લગાડે...
વાટ જોતી એ બારણે અઢેલી ઉભી
જાણે મંડપ વિહોણી એ વેલી ઉભી
ઉભી જાણે અનાથ મુકી હાથ કમાડે...
ભરે ભાણે વિજોગણુ ભૂખી ભૂખી
અંગ વળગે અલક લટ લુખી લુખી
ફુલ ગુંથે નહીં તે ફુલબાગ ઉજાડે...

ગાનાર પાત્ર : અંશુમતિ
નાટક : સામેપાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

શોભે નહીં વસવાટ અહીંયાં, જોગી જનમ જનમના.
વાટ જુવે વનવાટ તારી, જોગી જનમ જનમના.
વિણકાષાવે કંથાધારી
ગિરિ, ગુફા કોઇ સહચારી તારી,
બહેન હશે કોઈ વૃક્ષની છાયા, બંધુ હશે કોઈ ઘાટ--૦
જીવનમુક્તિ ફળજો તારી
લખ ચોર્યાશી ટળજો તારી
વિદાય શાની તુજને વીરા શાનાં તિલક લલાટ--૦

ગાનાર પાત્ર: ધૃત્તિ નાટક: સામેપાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

—(૦)—

સોહમ્ શબ્દ સૂણાવો સજની ભાંગે ભીતી ભવજળની
નાદબ્રહ્મ સંભળાયો સજની, ભાંગે ભીતિ ભવજળની—૦
શિતળ વાયુ વા, ધરણી કોમળ થા,
પગલે પગલે ફુલ બિછાવો, કિંમત આજે પળપળની--૦
ભય સામે દેખાય મૃગ આંખો મીંચી જાય.
દાઝયા દૂધના છાશ ફૂંકે એ, રેખ ન લાગે કાજળની !

ગાનાર પાત્ર : મહિમા નાટક : સામેપાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

મારે જવું કેટલું દુર, દુર દુર એની ખબર નથી,
(આ) જીવન બોજો, જતો ફેંકવા, હું છું એક મજૂર
થાકયો મથી મથી...

એ જનમ જનમનાં જ્ઞાની, એ પરમતત્ત્વના ધ્યાની
જેને લગની જગત્ પિતાની એક બીક શી માયાની
એકવાર હું ભૂલ્યો ભરોંસે રહ્યો જરા મગરૂર
થાકયો મથી મથી...

પરહિત જે ધર્મ તમારો, જડતાનાં આ ઢોંગ વિસારો
સિદ્ધિનો સાથ સ્વીકારી તમે તરો બીજાને તારો
મથી રહ્યો છું હુંજ બિચારો ભવજળ ગાંડાતૂર
થાકયો મથી મથી...

ગાનાર પાત્ર : ભરત-મહિમાદ્રિ નાટક : સામે પાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭

નાના બાળકને પયપાન કોણે શીખવ્યું !
કહો કોયલને પંચમગાન કોણે શીખવ્યું !

કલા મનોહર કોણે આપી,
નૃત્ય કહો ક્યાં શીખ્યો કલાપી.
કહો બપૈયો ક્યાંથી પૂરે અજબ સુરીલી તાન--૦

ગતિ હાથણીની લચકાતી, મુગ્ધાઓ ચાલે મદમાતી
કલા વરી, એ સહજ, કોઈને પૂછે છે નાદાન.
અમને પૂછે છે નાદાન--૦

રીસ મધુરી, મીઠા છણકા,
વચને કામધનુનાં રણકા
સમજ હોય તો સમજી લે, તરૂણીને તોફાન
કોણે શિખવ્યુ ?--૦

ગાનાર પાત્ર : અંશુમતી નાટક : સામે પાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૭



સાખી:—

સ્નેહ રહે ના સ્નેહીમાં તન, ધન, લાગે ત્રાસ
ધર્મ હરે, ધીરજ હરે, કાયમનાં કંકાસ

જ્યાં ધીરે ધીરે દેહ બળે, ને દુનિયાને દેખાય નહી
કોઈ દે શિખામણ, કોઈ મ્હેણાં એની દયા કોઈ ખાય નહી
બધાય દુઃખના ઉપાય ખોળ્યાં, જગમાં માનવ જાતે
વચનો ડંખ્યા હોય ડસીલાં, એનાં કોઈ ઉપાય નહીં
...એની દયા...

ધનનો દુઃખીયો આંસુ સારે; તનનો દુઃખીયો રામ સંભારે
ઘરના દુઃખીયાને દુઃખડાનો, આરો કોઈ દેખાય નહી
...એની દયા...

કોઇ જનમ જનમનાં બંધ કહે, કોઇ કર્મ તણાં સંબંધ કહે
કોઈ ભાગ્યતણાં પ્રતિબંધ કહે, પણ એ પલટયાં પલટાય નહીં
...એની દયા....

ગાનાર પાત્ર: દુર્ગા

નાટક : સાવિત્રી

શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૮



શહેરના વા, તને વાયા એ ગામડાં !
ભોળપણ તારાં ભૂલાયાં એ ગામડાં !
ભોળાં હૈયાને હતી, વજ્જરની કાયા,
કુદરતની સાથ હતી, રમવાની માયા.
ગીતો એનાં અમે ગાયાં એ ગામડા !
શહેરનાં વા તને...

શહેરોના વૈભવ, ને આંગણુ વસાવી.
ન્હાનપ ગુમાવી, ને મોટપ ન આવી.
હૈયાનાં વ્હાલ વિસરાયા ' એ ગામડાં !
શહેરનાં વા તન...

કુદરતનો ખોળો, અળખામણો લાગ્યો;
ખોટી રસીકતાનો રસ જ્યાં જાગ્યો
રસકસ તું થી રીસાયાં એ ગામડાં.
શહેરનાં વા તને...

ગાનાર પાત્ર : સમુહગીત — નાટક : સાવિત્રી
શ્રી દેશી નાટક સમાજ–૧૯૪૮

ચીલે ચીલે ચાલતા, 'કાયર' 'બેલ' 'કપૂત'
નીરમે છે ચીલા નવા 'શુરા' 'સિંહ' 'સપૂત'
એ નર ઝુઝે સામે પુર...
વધુ વમળ ને.. વધુ તોફાનો તેમ વધુ મગરૂર,
એ નર ઝુઝે સામે પુર...

જીવન લગી છે સૌની ખ્યાતિ મરણતિથિ સૌની ઉજવાતી
જન્મતિથિ ઉજવીએ એવા, કોકજ સંકટ શુર
એ નર ઝુઝે સામે પુર...

ચણે નહીં કોઈ એની ખાંભી જીવન કવિતા ન હોય લાંબી
છતાંયે જન્મ્યો વૃથા એ કહેવા કોની છે મગદૂર?
એ નર ઝુઝે સામે પુર...

નસીબ થાકે, એ નવ થાકે, મુલ્ય મનુજ શું એનાં આંકે
એકલપંથી! જુવે નહીં કે, મજલ કેટલી દૂર
એ નર ઝુઝે સામે પુર...

ગાનાર પાત્ર : દુર્ગા નાટક : સાવિત્રી
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૮



અમે સ્નેહ તણાં દરિયા ડોળી,
કર લીધી જોગણુની ઝોળી,
ભગવાન વિના, કોણ દે ભિક્ષા,
વિભૂતિ જ્યાં પ્રેમતણી ચોળી

આ લ્હાવા જીવનદાન તણા ?
શું બદલા આ બલિદાન તણાં ?
બદલાની આશા હોય કદી.
ગંગા નહીં, એ દીલડાં ગોળી.

અધવચ ત્યાગે તારણહારો,
એ જીવનનો ક્યાં છે આરો ?
જીવતરની શીં' હોય તમા,
જેણે કાયા અગ્નિમાં બોળી

પ્રેમભક્તિના રંક પ્રવાસી,
અગન કસોટી અમને આ શી ?
ભેદ મીરાંને પુછી જો,
વિશ્વાસે વિષ પીધાં ઘોળી

ગાનાર પાત્ર : શાંતિ અને સુરુચિ નાટક : સ્નેહ વિભૂતિ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૮

સૌથી મોટો ઉત્પાત, પીટયાં પાડોશી
કરતાં વધારી વાત, પીટયાં પાડોશી
શું રાધ્યું, ને શું ખાધું, બાઈ તમને શું શું ભાવે
પગાર શું, ને ખર્ચ્યું કેટલું, એની વાત કઢાવે
એવી ડોળે છે પંચાત, પીટયાં પાડોશી...

બબ્બે વેણી બાંધુ, તો કહેશે છકેલ ચાલી
સાદે વેષે ફરું તો કહેશે એ જોગણ મતવાલી
ઠાલી રડીને કાઢે રાત, પીટયાં પાડોશી...

કોક કહે, ઘંટીવાળાની, ઘરવાળી સ્હેલાણી
કોક વળી સંભળાવે મુજને કજોડલાંની કહાણી
એવાં કરમે મળ્યાં કજાત પીટયાં પાડોશી....

ગાનાર પાત્ર : લક્ષણા નાટક : સ્નેહ વિભૂતિ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૮



મૂર્તિ મધુર ત્હારી હો, બાલ કનૈયા
હું જાઉં બલિહારી, નંદલાલ કનૈયા
રૂઠેલ રાધિકાની, કરવા જરા ઠઠોલી
ખોવાઇ ગયેલ ટીલડીને, ક્યાંકથી જ ખોળી
ધારી તમે મુરારિ, નિજભાલ કનૈયા...

એ મૂર્તિ મ્હારે નયને, નિમેષ માત્ર રહેજો
મુજ કાળી કાળી આંખો, કાલિંદી ગણી લેજો
ગોવાલણી હું ત્હારી ગોપાળ કનૈયા...

મહિયારીઓની મટકી, પટકી જતાં હમેશાં
છટકો છો કેમ આજે, છટકી જતાં હમેશાં
ગુંથી છે વ્રજવિહારી વરમાળ કનૈયા....

ગાનાર પાત્ર : શશિકલા નાટક : ગોપીનાથ
શ્રી દેશી નાટક સમાજ . ૧૯૪૯

## કરજ ભરે સંસારી

કર્મનાં કરજ ભરે સંસારી
કોઈ કરજ કરે, કોઈ કરજ ભરે છે ભવનો ભાર ઉતારી...

ગયા જનમનું દીધું ખાતા, કોઈ જીંદગી માણે
કોક જનમતાં દેવું ભરવા, જીવ જોતરાં તાણે
રૂણાનુબંધની રમત અટપટી, રમવી રહી અકારી...

કુદરત બેઠી ગજ કાતર લઈ, કૃતિ જોઈને કાપે
તસુ ન ઓછું વધુ ન તલભર, આપ્યું હોય તે આપે
વગર ચોપડે હિસાબ ચોકખો ચૂકવે દેવ મુરારિ...

ગાનાર પાત્ર : નિરંજન (સાધુ) નાટક : ગોપીનાથ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૯



ચરણે સાગર ચડતા છોળે, શિશ હિમાલય ચમર ઢોળે
અમર રહો ભારત માતા (૨)...

સૈનિક તારાં શૌર્યને વેપારી તારૂં ધન
કલમબાજ તારી કલમ મજદૂર તારૂં તન
માતૃભૂમિને ખોળે ધરજે માતૃભૂમિને ખોળે
અમર રહો ભારત માતા (૨)....

ભૂંસાઇ ગયા અંદર અંદરના સેંકડો સીમાડા,
લોપાઇ ગયાં છે સંસ્કૃતિના જૂદા જૂદા વાડા,
એક વાક્યતા એક રંગનાં ત્રિરંગી નિશાન
નભહિંડોળે, પવન હિંચોળે
અમર રહો ભારત માતા (૨)...

ગાનાર પાત્ર: કિર્તી–આશા–જય ભાસ્કર, પ્રતાપ–ધીર વિ.
નાટક : સૈનિક
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૯



ગંભીર નીરમાં એક કાંકરી પડીને ચાલી તરંગમાલા
એને પ્રેમ કહું કે ભાવ કહું એ નહોતી ખાલી
તરંગમાલા—૦

ચક્ષુ અંતર ઉતરતાં'તા દશ્યો નવિન કોઈ તરતાં'તા
પુસ્તકનાં પાનાં ફરતાં'તા ત્યાં નિહાળી તરંગમાલા—૦

એના પ્રથમ તરંગે રંગ ચડયા, એના બીજા તરંગે ઘાટ ઘડયાં
મન ક્યાં હતાં, ક્યાં જઈ ચડયાં! એને ત્હોયે વહાલી
તરંગમાલા—૦

ઓ તરંગમાલાના માલી! સુરભિ ભરી હો કે ઠાલી
અર્પણ હો તુજને મતવાલી મુજ વ્હાલી
તરંગમાલા—૦

ગાનાર પાત્ર : મીરાં     નાટક : ગર્ભશ્રીમંત

શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૯



અણહકની સંપત શત્રુ ભાવે આવે
મોહ વધે, મદ અંધ બને, મન સારાસાર ભૂલાવે
એ શત્રુ ભાવે આવે—૦

એ પ્રથમ તજાવે સજ્જનના સહવાસ
લલચાવીને દોરી જાય જે પંથે હોય વિનાશ.
ધૈર્ય જાય ને ધર્મ ભુલાવે ભ્રમણામાં ભરમાવે
એ શત્રુ ભાવે આવે—૦

કાગળ બાંધ્યા કપુર પેઠે હતી હતી ને વહી ગઈ
જતાં જતાં ભૂલાય નહીં એવી શિખામણ દઇ ગઈ
કહી ગઈ માનવ તારૂં ધન જો તને કામ ન આવે.
એ શત્રુ ભાવે આવે—૦

ગાનાર પાત્ર : કમળાકર અને કલ્પના　　નાટક : ગર્ભશ્રીમંત
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૯

ગરબો :-

આષાઢી વીજળી, ચમકે છે આભમાં આષાઢી વીજળી,
એવી ચમકે છે ગુણીયલ સન્નાર
એને પગલે ઉદ્ધાર એને માથે સંસાર
ઉજળો વહેવાર એની ભાવનાઓ ઉજળી—૦

ગોરી ગુજરાતણુ ગરબે ઘુમે ઘુમાવે જગત ચોક
રાસ નવયુગના નિરખે છે લોક
ઘુમે નવયુગ ઉતારવા ઉતાવળી—૦

સાધે સહચાર છતાં ધર્મ નહી ચુકતી
ઘુમે ચોમેર છતાં લજ્જા ના મૂકતી
દિવ્ય શક્તિઓ રમતી ટોળે મળી—૦

ગાનાર પાત્ર : મીરાં, લીલી અને સાથીઓ નાટક : ગર્ભ શ્રીમંત
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૯



કર્મ કરેજા (૨) નિષ્કામ ભાવનાથી સત્કર્મ કરે જા
એ। સત્યનાં સંગાથી સત્કર્મ કરે જા—૦

ધન એક તુચ્છ સાધન કરતો ન સાધના,
સંસ્કાર બળ છે સાચાં એની ઉપાસના
સરણી, રચી એનાથી શું ભય તને કશાથી!
એ। સત્યનાં સંગાથી સત્કર્મ કરે જા—૦

એ। તાત! તારા વારસને આપ સદ્‌વિચાર
એ। માત! તારા બાળકને સીંચ સંસ્કાર.
સંપત છે એજ સાચી, ખુટે ન ખર્ચવાથી—૦

ફુલડાં બિછાવનારાં ફુલોની આશ રાખે
કાંટાનાં વેરનારાં કાંટાનો સ્વાદ ચાખે
સન્માર્ગ અને શાંતિ પામી પ્રભુ કૃપાથી
એ। સત્યના સંગાથી સત્કર્મ કરે જા—૦

ગાનાર પાત્ર : કમળાકર, કલ્પના, મીરાં     નાટક : ગર્ભશ્રીમંત
શ્રી દેશી નાટક સમાજ ૧૯૪૯

તૂટી ફૂટી હોય ઝુંપડી ખાવા મુઠ્ઠી ધાન
પણ જો ગુણિયલ હોય ગૃહિણી એ ઘર સ્વર્ગ સમાન
સુખ એને કહે છે શાણા રૂપથી રાચે પરવાનાં...

હોય ગૃહિણી ભલે ઘરેઘર સુંદર સોમાં કોક
હોય સુભાગી કોક હજારે ગુણિયલ લાખે કોક
શોભાવે શાસ્ત્રોનાં પાનાં સ્વપ્ન એ ક્યાંક જ ફળવાનાં...

——(૦)——

સૂરજ ઉગે છે રોજ ભલે, સોનાનો સૂરજ ક્યાં ઉગે!
જ્યાં સત્ય સુનીતિ ધર્મ વસે, સોનાનો સૂરજ ત્યાં ઉગે—૦

સચરાચર સાચાને દ્વારે, ને સાચાં દુખિયાં સંસારે!
કંચનને ભાગ્યે કસોટી છે, એ સત્ય સનાતન જુગજુગે—૦

પરધન હરનારો કાં ફાવે? પરહિત કરનારો દીન બને?
એ ભેદ અટલ છે ભાવિનાં, મતિ માનવને ક્યાંથી પુગે—૦

ગાનાર પાત્ર : મસ્તરામ — નાટક : સોનાનો સુરજ
શ્રી દેશી નાટક સમાજ–૧૯૫૦

આખી આલમમાં વખણાઈ અમારી સાડી હિંદુસ્તાની
એના રંગમાં રંગાઈ ખુમારી હિંદુસ્તાની...

— જાળવે મોહકતા મરોડ અંગે અંગના
ભાવના રસિકતાની ઓપાવે છે અંગના,
સાળુડા શોભાવતી સન્નારી હિન્દુસ્તાની...

— ઘુંઘટવાળી કો'ક રસરાણી કહાવે
ઘુંઘટામાં છાની છાની ભાવના છૂપાવે
એ ભાવમહીં ભાવના ઉતારી હિન્દુસ્તાની...

— વાદળમાંથી વીજળી જાણે ઝબુકી આવે
પાલવ જાણે પ્રેમની પતાકા ફરકાવે
મરજાદાની કોર શી, કિનારી હિન્દુસ્તાની...

ગાનાર પાત્ર : મીનાક્ષી અને સખીઓ નાટક : સોનાનો સૂરજ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૦

યાર ચલો એકલા,
મઝધાર ચલો એકલા, ઉસપાર ચલો એકલા...

નાવડી છે જીંદગી ને હાથ છે હલેસાં
ધ્યાન રાખી ધ્રૂવ સામે ઝુઝવું હંમેશાં
સમદર સંસાર ચલો એકલા....

મહેલાત વૃથા, મસ્તને મઝાનાં ઝુંપડાં
અસાર ખોઇ, સાર ગ્રહે જેમ સૂપડાં
મન છે મદદગાર ચલો એકલા...

ઈશ્કી જો થવું હોય તો ઈશ્કેમિજાજ થઈ
કુરબાન કરી સર્વ પુરા ઈશ્કબાજ થઈ
દિલદાર ને દરબાર ચલો એકલા...

ગાનાર પાત્ર : મસ્તરામ નાટક : સોનાનો સૂરજ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૦



ફરિયાદ કરે હરઘડી ઘડીયાળના ટકોરા
સાદ કરે હરઘડી ઘડીયાળનાં ટકોરા...

"ટકટક" અવાજ કરી કહે છે "તક" જાય નહીં
જીવન છે યંત્ર સમું જોજે વિસરાય નહીં
યાદ કરે હરઘડી ઘડીયાળના ટકોરા...

આવે મુસીબતો તે વસમી ભલે ને લાગે
પણ બાર પછી એકનો ડંકો જરુર વાગે
કાંટા કહે છે ફરતા, કર્તવ્ય ના વિસરતા
વીતે "સમય" ઉચ્ચરતા.
નાદ કરે હરઘડી ઘડીયાળના ટકોરા...

ગાનાર પાત્ર : યમુના — નાટક : સોનાનો સૂરજ
શ્રી દેશી નાટક સમાજ, ૧૯૫૦

હોયે મીઠી અર્ધીવાત
અર્ધ ઉમંગો અર્ધો રંગો હોય સદા રળીયાત—૦

અડધી—અડધી ભૂખ મીઠી
અડધી—પડધી ઉંઘ મીઠી
અડધાં અડધાં વહાલ મીઠાં, મીઠી અરધી રાત—૦

મીઠી અર્ધ ઉઘાડી આંખો
મીઠી અર્ધ બીડેલી પાંખો
અર્ધ ઉઘડયાં અંતર એ તો કવિતા છે સાક્ષાત—૦

અર્ધ ઉગ્યો દિનમણિ પુજાતો
અર્ધો ઘૂંઘટ રસિક મનાતો
અર્ધે રસ્તે મળ્યાં રસિકડાં હોય નહીં ઉત્પાત...

ગાનાર પાત્ર : વીણા અને મીનાક્ષી નાટક : સોનાનો સૂરજ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૦

ઘડતર સૌનો ઘડે વિધાતા તું કાં ઘડવા બેઠો!
ઘડી ઘડીને ભાંગી નાંખ્યું કટકા જડવા બેઠો—૦

જે સંચામાં જગત જડાયું એ સંચો જગ જુનો
ભૂંડામાં પણ ભલું કરે છે છાનો હાથ પ્રભુનો
કર્તા હર્તા માની તુજને તું કાં રડવા બેઠો
કટકા જડવા બેઠો!—૦

મન ભાંગ્યાં છે તારાં એમાં કોઈનું ઘર કાં ભાંગે
મનમર્કટને કાં જાવા દે માયા ગઢની ચંગે?
એક આંચકે, ધર્મ ધૈર્યનો ગઢ કાં પડવા બેઠાં?
કટકા જડવા બેઠો!—૦

શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૦

ગાનાર પાત્ર: યમુના — નાટક: સોનાનો સૂરજ

સદ્‌વિચાર, સંસ્કાર, બે ઉભા છે દરવાન,
રોજ કહું છું કરગરી ખૂબ રાખજો ધ્યાન

——(૦)——

આવવા દેશો મા, અભિમાન આવવા દેશો મા,
ધન પિપાસાનું ધ્યાન મારે ઘેર આવવા દેશો મા
આવવા દેશો મા...

આસુરી સંપતના ઉત્પાતો, હિણ્ વિચારો કે હલકી વાતો
પરનિંદા કરી કલહનાં બી વાવવા દેશો મા
આવવા દેશો મા...

ઝૂંપડી સાચને સોને મઢેલી, આંગણ નીતિની નાગરવેલી
લજવે એવું કોઈ કુલક્ષણ, લાવવા દેશો મા
આવવા દેશો મા...

મન મનોબળ આટલું માગે, મીઠું ને રોટલો મીઠો લાગે.
લાલચ લોભની કોઈ કરામત, ફાવવા દેશો મા
આવવા દેશો મા...

ગાનાર પાત્ર : વંદના    નાટક : વૈભવનાં મોહ

શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

પડતાને ટેકો દેજે.
સુપંથ તુજને અગર જડયો છે એજ પંથપર રહેજે...
ભૂલ કરે છે માનવ સૌએ, સમજી કોક સુધારે
માથું તારું નમે શું કરવા, રહેજે માથા ભારે
માથું દઈ પરહિત પર કોઈનો અવસર સાધી લેજે...

ગંભીર હોય છે રત્નાકર એ ધર્મ ભૂલી ના જાતો
શત્રુ થા, તો ભલે થાતો પણ હિત શત્રુ ના થાતો
થાય આટલું ત્હોય કહીશ હું, શીખ મળી ગઈ સ્હેજે...

ગાનાર પાત્ર : વંદના — નાટક : વૈભવનાં મોહ

શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

ક્ષમતા અગર જો તમે તજી, તો ક્ષમા માગવા ક્યાં જઈશું ?
જનનીના આશીર્વાદ વિના અમે ભીડ ભાંગવા ક્યાં જઈશું ?
વ્હાલવિસામા તમે ચણ્યાં, પત્થરમાં પ્રાણ તમે પૂર્યાં
એને છાયા જો તમ નહિં આપો, તો અમે વિસામાં ક્યાં લઈશુ
ક્ષમા માગવા—૦

ઉપકારો સર્વ ભૂલી જાતા, પુત્રો પરણીને પલટાતા
પલટાશો પૃથ્વીરૂપ તમે, અમે પગે લાગવા ક્યાં જઈશુ—૦
ક્ષમા માગવા—૦

ધનવૈભવના મોહમાં ભૂલ્યો હું મર્યાદા
દ્રોહી તો પણ દીકરો માગે આશીર્વાદ.

ગાનાર પાત્ર : સુદર્શન

નાટક : વૈભવના મોહ

શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

માએ સોંપી દિકરી અને કહ્યું દેજો જ્ઞાન
એનું દેજો કન્યાદાન...

કરિયાવર કોરા તાત વિના, અને લાડ છે લુખ્ખાં માત વિના
એને પુણ્ય ફળ્યાં ભોજાઇ તણાં ભરથાર મળ્યો ગુણવાન—૦
એને પગલે કંકુ પાથરજો, એના ઘર વિભુ અભરે ભરજો
સૌભાગ્ય સચીને શક્રના એને વરજો એ વરદાન—૦
ઉતરી છે અવિનાશીની મ્હેર, ઉજળા કીધા છે આજ ઉછેર
વ્હાલ વિસામા સોંપિયા દ્યો ગૌરવ ગુણનિધાન—૦
માએ સોંપી દિકરી...

ગાનાર પાત્ર : રંજના, મંજુ અને વંદના    નાટક : વૈભવના મોહ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

નાથનિરંજન મુનિમનરંજન રટરસના
નામ રટન છે ભવભય ભંજન રટરસના

ઘડી ઘડી પળપળ ઘટતું આયુ અટપટી છે ભવ અટવી
ઘટમાળાનાં ઘટ સમી ઘટના ઘડી ઘડી દશા પલટવી
રટન એક ઘટઘટ વ્યાપકનાં ટાળે સહુ દુર્ઘટના—૦

કોક રટે હરિનામ, કામના ફળતાં સુધી નિભાવે,
કોક અભાવે, કોક સ્વભાવે, તો કોઈ ભક્તિ ભાવે
કોક રહે નિષ્કામ ભાવથી ધન્ય ધન્ય એજ રટના—૦

ગાનાર પાત્ર : ગોરખ　　નાટક : ગુરુદક્ષીણા
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

સમદર ડૂબ્યો આજ નદીમાં
અચરજ દીઠું એક અવનિમાં
સમદર ડૂબ્યો

મેરૂ અચળ, ચડ્યો ચકડોળે
વડલો આજે છાંળા ખોળે
અવળી ગંગા વહેવા લાગી મેઘ ડૂબ્યો વિજળીમાં—૦

મૃગેન્દ્રને બાંધ્યો હરણા એ
મેરૂને જીત્યો તરણા એ
આણદીઠાનું દીઠું દિનમણિ ડૂબ્યો કમળકળીમાં—૦

ગાનાર પાત્ર : ગોરખ નાટક : ગુરુ દક્ષિણા
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧



"કારણ જોતાં દુઃખનું મનને જડે નિદાન,
ક્યાંક હોય અજ્ઞાન તો ક્યાંક હોય અભિમાન"

—o—

આપણાં દુઃખનું કારણ આપણે—૦
કંઈક આવરણ ઉભાં કરીએ, ભરીએ ભારણ આપણે,

અજ્ઞાની બીજા પર ઢોળે, જ્ઞાની એનાં કારણ ખોળે
આતમ જ્ઞાની કહેશે, કરવું રહ્યું, નિવારણ આપણે—૦

હાર્યા તો હિમત ખૂટે ને જીત્યાં તો અભિમાન વધે.
જીત હારમાં પલટી નાંખે એનું તારણ આપણે—૦

કોક દુઃખ દૈવે દીધેલાં કોક દુઃખ પોતે સરજેલાં
સુખ દુઃખ સ્હેવાં રહ્યાં હૃદયમાં ધરીને ધારણ આપણે—૦

ગાનાર પાત્ર : ગૌરી નાટક : ગુરુદક્ષિણા
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧



કટકામાંથી કટકો ભાંગી આપે જે બીજાને
જમે થાય એ જગદીશ્વરના ચોપડાને પાને—૦

વધ્યું ઘટયું તો ઘણાય દે છે,
જીભે તો જશ બધાય લે છે,
કોઈનાં દુઃખમાં ભાગ પડાવીને પોતે સુખ માને—૦

દાન કરે કોઈ, કીર્તિ સાટે.
આ ભવ અર્પે, પરભવ માટે.
માનવતાને ખાતર અર્પે જે કોઈ વિના ગુમાને—૦

ગાનાર પાત્ર : સદ્‌ગુણ ને શોભા નાટક : ઉઘાડી આંખે
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૨

—(૦)—

પહેલું પાનું બાળપણું બીજું ઘડપણ છે,
માનવ જીવન કિતાબનાં કોરાં પાનાં બે.
વચલાં પાનાં છે જુવાની, પાને પાને છે ઇતિહાસ
લખજે સંભાળી સંભાળી ત્હારાં જીવનનો વિકાસ—૦

આપવીતિમાં, કર્તવ્ય પ્રીતિમાં
આંસુડાં ખંખેરીને ખોળજે ઉલ્લાસ—૦

હોય દીવો ન્હાનો તોય સન્નિષ્ઠાનો
ઘોર આંધિ માંહી એ પાથરે પ્રકાશ—૦

ગાનાર પાત્ર : શ્યામકુંવર નાટક : ઉઘાડી આંખે :
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૨ .

જીવન કવિતા બેય છે બેનાં જુદા લ્હાવ
એક મહીં છે ભાવના એક મંહી છે ભાવ
એકમાં ઉલ્લાસ છે બીજામાં તાલાવેલી
બેઉની મીઠાશ, જુદા જુદા ભાવ ભરેલી...

એકમાં સંભારણું ને બીજામાં સમાવું
ભવની ભૂલવણીમાં પોતાને ભૂલી જાવું
ક્યાંક કંકુછાંટણું ને ક્યાંક રસહેલી...

એક નદીનો ઘાટ, બીજું દેવતાની દેરી
બેઉ છે પુનિત, ઊર્મિ બેઉની અનેરી
મમતા ને માયાની જોડી અલબેલી...

ગાનાર પાત્ર : વિદ્યાવતી ને કલાવતી નાટક : વિદ્યાવારિધિ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

—(૦)—

પંખીડાં રોજ પ્રભાતે ગાય અમર કવિતા
પ્રેરણા જડચેતનને પાય અમર – કવિતા
કલકલ નાદે નદીઓ ગાતી, ઉછળી ઉછળી સાગરગાતા
સુરાવલિ સંભળાય, સમીરમાં સુરાવલિ સંભળાય
અમર કવિતા...

બાળુડાંને અર્પે લાલી, ફૂલને સૂરભિ દે, મતવાલી
વિકાસ અર્પી જાય જીવનને વિકાસ અર્પી જાય.
અમર કવિતા.

ગાનાર પાત્ર : કિરણમયી નાટક : વિદ્યાવારિધિ
શ્રી દેશી નાટક સમાજ, ૧૯૫૧

નિશાએ કુંભ શિશ પર ધર્યો
ઉજળો અને અમીથી ભર્યો—૦

શ્રમિતના શ્રમ હરવા માટે
વિશ્વ સુધાથી ભરવા માટે
રજની રસભર કરવા માટે અવનિ પર અવતર્યો—૦

કુમુદ વનો અકળાવા લાગ્યાં
રસનાં ઝરણ સુકાવા લાગ્યાં
અભિષેક અમૃતનો ત્યારે લાખ કિરણથી કર્યો—૦

પંચશરે શર ચાપ ચડાવ્યું
ત્યાં નલિનીને હસવું આવ્યું
નીલાંબરનો પાલવ સ્હેજે ઉર ઉપરથી સર્યો—૦

ગાનાર પાત્ર : વિદ્યાવતી ને ભારવિ    નાટક : વિદ્યાવારિધી

શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧

વાટ જુએ દિનરાત, શબરી વાટ જુવે દિનરાત
ત્હોયે ના'વે જગનો તાત શબરી વાટ જુવે દિનરાત...

આશ્રમ વાળે, નીર ભરે ને ફળફૂલ વીણી લાવે
વાટ જુવે નિત સાંજ સુધી ને રાતે ઘેર સીધાવે
પાછી એની એ વાટ બીજે દિ પાછી એની એ વાત...

બચપણ વીત્યાં, યૌવન વીત્યાં વીતિ ગયો જન્મારો
કરી કસોટી વિધિ હાર્યો શ્રદ્ધાને જડયો કિનારો
ઊઘડયાં પુણ્ય પ્રભાત ત્યારે ઊઘડયાં પુણ્ય પ્રભાત...

રામપ્રભુ લક્ષ્મણજી સાથે એને આંગણ આવ્યા
ભાવ ધરી શબરીએ એને એઠાં બોર ધરાવ્યાં
આરોગ્યાં ભલી ભાત પ્રભુએ આરોગ્યાં ભલી ભાત
વાટ જુવે દિનરાત....

ગાનાર પાત્ર : કલાવતી    નાટક : વિદ્યાવારિધિ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૧



ધન વિદ્યા સંસ્કારને, પરમારથનો શોખ
સાથ મળે સહુ સિદ્ધિઓ, એવાં ઘર તો કોક.

—-o—-

એવા કોક ભવનના ભોગી, નરનો જીવન પંથ પલટાયો
એની મતિ ફરી એને ગમ્યો નહીં, એની કાયાનો પડછાયો
એની કાયાનો...

પડખે ચડયો કોક પાપી, તક જોઈ ચિનગારી ચાંપી
છતી લક્ષ્મીએ ભીખ માંગતો, કીધો એકલવાયો
એની કાયાનો...

એની છાયા પાછળ ફરતી, શ્રી ચરણે સેવા ધરતી
પડી પ્રતિતિ પાસ છતાં નહીં દેખે ડહાપણ ડાહ્યો
એની કાયાનો પડછાયો...

ગાનાર પાત્ર : અનિલકુમાર-મંગળામયી નાટક : શ્રી ચરણે

શ્રી દેશી નાટક સમાજ-૧૯૫૨

પ્રકૃતી 'મા' ની બે દીકરીઓ, બન્ને બાળ કુંવારી
વંદનીય છે બન્ને જગને, બન્ને જગ હિતકારી.
છે બન્ને બાળ કુંવારી.

બે બહેનો એ કદી ન મળતી, છતાં બેય ઝળહળતી,
એક જગાડે નિદ્રામાંથી, બીજી આવે ઢળતી
બન્ને ચમકે ઘડીક, પણ એ ઘડી જીવન ઘડનારી.
છે બંન્ને બાળ કુવારી.

બેય આરતી રૂપે રહેતી, જગત પિતાને દ્વારે
એક કર્મનું ભાન કરાવે, તો બીજી શ્રમ હારે,
પાવન કરે છે ઓજસ એના, જો સાધે સંસારી.
સમય એ જો સાધે સંસારી

ગાનાર પાત્ર : શુભલક્ષ્મી–માધવી  નાટક : 'સ્વાશ્રય'

શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૪



થાકયાનો વિશ્રામ ઘડીભર અવિનાશીનો ઓટલો
રંકના જીવનનો આરામ, ઘડીભર અવિનાશીનો ઓટલો—૦
ભવ અટવિમાં ભૂલા પડતા
કે જીવનની સરણી ચડતાં
છે શાન્તિનું ધામ, ઘડીભર અવિનાશીનો ઓટલો—૦
ગરીબની નિંદા કરવાની
જુની આદત છે દુનિયાની
છે ઠરવાનું ઠામ, ઘડીભર અવિનાશીનો ઓટલો—૦

ગાનાર પાત્ર : શુભલક્ષ્મી નાટક : સ્વાશ્રય
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૪

——૦——

કચરો વાળે છે સંસારી રોજ સવારના
છતાં કયાંકથી આવીને ઉભરાય કચરો વાળે છે—૦
કુભારજાના ઘરને ખૂણે, મૂરખના અંતરના ખૂણે,
હીણાંની આંખોને ખૂણે, દિન દિન વધતો જાય—૦
કોઇ રત્નો પર કચરો ઢોળે, કોઇ કચરામાં રત્નો ખોળે,
પિત્તળ હેમ ગણી સમ તોલે, વિશ્વાસે લઇ જાય—૦
ઘરનો કચરો સૌ કોઈ વાળે, દિ’ ઉગ્યે સૌ ઘર અજવાળે
મનનો કચરો વાળે તેદી દિ’ ઉગ્યો કહેવાય—૦

ગાનાર પાત્ર : આશા નાટક : સેવાભાવી
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૫

સુખમાં તો સૌ કોઈ હસે, દુઃખને હસતા કોક.
એનાથી દુઃખડાં ડરે, એ સફળ કરે આ લોક.

—o—

હસતો રહે સદાય, કોઈનું અહિત ન ચ્હાય
ખવરાવીને જે ખાય.
છે ધર્મ એજ સાચો, બીજાને કરે સહાય
હસતો રહે સદાય—o

માનવ સ્વભાવ હરદમ માગે હસી, હસીને
કુદરતનો ન્યાય એ છે, આપે કસી કસીને
એ સમય આવે ત્યારે જોજે ન ધૈર્ય જાય—o

જો જે મુસીબતોથી કદીયે હૃદય ન ધડકે
જ્યારે ફરજ બોલાવે ત્યારે ચરણ ન થડકે
મર્દોને શીર મુસીબત, આવે ને વહી જાય—o

ગાનાર પાત્ર : વિમળ–સુશીલ–પ્રકાશ નાટક : સેવાભાવી

શ્રી. દેશી નાટક સમાજ ૧૯૫૫



કુદરતની આંખ થતાં કરડી
દેવી થઇ આજે ચાકરડી
નિર્દય સમયની નજર ચડી
દેવી થઈ—૦

ધનરૂપ ગુમાન ધર્યાં નહોતાં
અભિમાન કદીય કર્યાં નહોતાં
દુર્ભાગ્યે કોર જરા મરડી
દેવી થઈ—૦

જે કર દુર્લભ ઇન્દ્રાદિકને
તે કર આજે કચરો વાળે
દીલ દુઃખ રખે ધારે એમાં
જ્યાં ભાગ્ય રહ્યું તુજને ભરડી—૦

દુઃખ નથી દીલને કશું સુખ દુઃખ આવે જાય
(પણ) દીલને ડંખે એટલું કે તજી ગયા નળરાય—૦

ગાનાર પાત્ર: દમયંતી નાટક : મહાસતી દમયંતી
શ્રી દેશી નાટક સમાજ

દયાનિધિ કરજો દયા પૂરણ કરજો કામ,
તાકત ભરજો તન મહીં હૈયે ભરજો હામ.

—(૦)—

જગમાં જશ ગવાશે રે, સેવા પિતૃ માતની થાશે રે.
જન્મારો સુધરી જાશે રે, સેવા પિતૃ માતની થાશે રે.—૦

કંકણ વેચી કાવડ લીધી માની જીવણ લ્હાણ
નિશ્ચય એક જ એથી ચળું તો પશ્ચિમ ઉગે ભાણ.
પ્રાણ સાટે પણ પળાશે રે, સેવા પિતૃ માતને થાશે રે.—૦

પગની પિંડી લોહની હોજો, કાંધ હોજો બળવાન
ભૂખ, તૃષા ને થાક બધુયે ભૂલી જજો મ્હારા પ્રાણ
દુઃખ બધાં સુખ દેખાશે, રે, સેવા પિતૃ માતની થાશે રે.—૦

માન જજો અભિમાન જજો કદી આવશો મા ઉન્માદ
કર્તવ્યપાલન કરનારાને કરજો કયારેક યાદ
અમરપદ આવતું પાસે રે, સેવા પિતૃ માતની થાશે રે.

ગાનાર પાત્ર : તારિકા–શ્રવણ અને સહાધ્યાયીઓ   નાટક : 'શ્રવણકુમાર'
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૭

મતિ સાવ મૂંઝાઈ ગઈ, એની મતિ સાવ મૂંઝાઈ ગઈ.
હતી સમસ્યા સાવ સરળ પણ સમજણ સૌ અટવાઈ ગઈ.
એની મતિ સાવ મૂંઝાઈ ગઈ.

એ કુંડળમાં કયું મનોહર? એ કંકણમાં કયું સુભાગી?
એ આંખોમાં કયી મારકણી? અનુભવ કંઈક કહો વરણાગી?
જવાબ દેતાં દૃષ્ટિવેધક દૃષ્ટિમાં અટવાઈ ગઈ,
એની મતિ સાવ મૂંઝાઈ ગઈ.

ગાનાર પાત્રો : શૈલજા, વનમાલા અને સખિઓ   નાટક : શ્રવણકુમાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૭

—(૦)—

અખિલ બ્રહ્માંડના અધાર,
ઊભી છું આજે નિરાધાર; ત્હારે બારણે.
સાચું કોઈ નથી કહેનાર,
ત્યારે પાડી રહી પોકાર; ત્હારે બારણે.
નામસ્મરણનાં મ્હાતમ રાખી, મિથ્યા ભ્રમણા ટાળી નાખી
સાક્ષી દે તું સાચખોટનાં સાક્ષી સરજનહાર....
ઊભી છું આજે નિરાધાર; ત્હારે બારણે.
ભવસાગરમાં વધ્યાં તોફાનો, દીપ થયો ઝાંખો શ્રદ્ધાનો
ત્યારે આ નિર્બળ તરણીનો તું છે તારણહાર....
ઊભી છું આજે નિરાધાર, ત્હારે બારણે.

ગાનાર પાત્ર : તારિકા.   નાટક : શ્રવણકુમાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૭

—(૦)—

મળશું કોક સવારે, આપણે મળશું કોક સવારે
હાર ગૂંથીને વાટ જોઈશ હું પુણ્ય ભવનના દ્વારે
આપણે—૦

જે ચીલાપર કોઈ ન ચાલે એવો ચીલો પાડી,
મન ભાંગીને ઘડયા મનોરથ કાવડ કાંધ ઉપાડી.
સિદ્ધ થશે સંકલ્પો સઘળા ફરી મળીશું ત્યારે....
આપણે—૦

મ્હારા કરતાં આ જીવનમાં ત્યાગ વધ્યો છે ત્હારો.
જનમ જનમના નેહ નિભાવી જીતી ગઈ જન્મારો
અમૃત સિદ્ધિ એ જ સ્નેહની ભવ સાગરને આરે...
આપણે—૦

બાંધી છે મેં ભાગ્યથી હારજીતની હોડ.
રહ્યાં અને રહીશું હવે આપણુ જોડાજોડ.

ગાનાર પાત્ર : તારિકા–શ્રવણ નાટક : શ્રવણકુમાર
શ્રી દેશી નાટક સમાજ ૧૯૫૭



માનવતા જીવે છે જગમાં માનવતા જીવે છે,
ભૂલ્યોભટક્યો કો'ક માનવી પ્રમાણ એનું દે છે....
જગમાં૦—

કોઈ સુભાગીતણા ભવનમાં
બળ્યાં ઝળ્યાં કોઈ દુઃખી જીવનમાં.
ભાંગીતૂટી કોક ઝુંપડી એ તેજે ચમકે છે....
જગમાં૦—

મૂઈ નથી એ કદી ન મરશે
સમય સમય પર સંકટ હરશે
જીવનમંત્ર પરદુઃખે દુઃખીઓ, આવી કાનમાં કે' છે....
જગમાં૦—

ગાનાર પાત્ર : શ્યામકુમાર નાટક : સુખનાં સાથી
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૦

અને.... અને.... ... ... ... ... ... ...
અર્થ વગરનો શબ્દ, છતાંયે અર્થ ઘટાવે અને....અને.
બીજું કાંઈ નવ સૂઝે ત્યારે હોઠે આવે અને....અને.

એક દિવસ એક નણદીને ભોજાઈએ ખૂબ રડાવી
વીર આવતો જોઈ અચાનક નણદે વાત ઉડાવી
કહ્યું કે માથું બહુ દુઃખે છે એ અકળાવે અને....અને

કોઈક સમય પર સાચું કહેતાં બીક લાગતી જ્યારે
ખોટું કહેતાં નહિ આવડે, વાણી વળખાં મારે,
અર્ધું ખોટું, અર્ધ ખરું, કહી ભેદ નિભાવે અને....અને.

ગાનાર પાત્ર : પ્રવીણા નાટક : 'સુખનાં સાથી'
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૦



દિનમણી જાણે અસ્તાચલ પર ચાલ્યા ગૌરવભેર,
સંધ્યા ખીલી છે સોહામણી,
બની પ્રતિચી મોહક, એનાં રંગ ઢળ્યા ચોમેર
સંધ્યા ખીલી છે, સોહામણી,

ધનિક નીરખે કેટલું પામ્યા ! નોકર નીરખે કેટલા વાગ્યા !
જુએ શ્રમજીવી રળ્યા રોટલો ચાલો જઈએ ઘેર....
સંધ્યા૦—

કોઈ કહેશે કે'દી શોભાવ્યો, કોઈ કહેશે દી વૃથા ગુમાવ્યો
કોઈ કહેશે દી ઘટયો દુઃખનો એ છે પ્રભુની મ્હેર....
સંધ્યા૦—

દુઃખીયાને આશ્વાસન દેતી, સુખીયાને સંદેશા કહેતી.
શ્રમિતજનોના શ્રમ હરનારી મંદ પવનની લહેર....
સંધ્યા૦—

ગાનાર પાત્ર : અનુરાધા — નાટક : 'સુખનાં સાથી'
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૦



વિસામો સહુ ખોળે જીવતરમાં
કોઈ થાક્યા કોઈ વણથાક્યા ને અકળાતા અંતરમાં,
કોઈ સંપદમાં ચહે વિસામો, કોઈ પ્રેમને કહે વિસામો,
જૂએ આયનો એ જ્યાં સામો, ઊભાં હોય ઉંબરમાં...

—o—

ચડતી જોઈને બળે નહિ, પડતીને જે પડકારે
જ્યાં માગે ત્યાં મળે વિસામો એને જીવનભરમાં...

—o—

ભૂખ ટળે જો જશ-અપજશની તૃષા ટળે તૃષ્ણાની
એ નર, આ જીવતર જીતે, જ્યાં ભય નથી ભીતરમાં...

—o—

માતપિતાનો, પુત્ર વિસામો, બ્હેનીનો છે બંધુ.
નિરાધારનો વિભુ વિસામો, છે દોર એના કરમાં...

—o—

ગાનાર પાત્ર : નાટક : 'સુખનાં સાથી'
શ્રી દેશી નાટક સમાજ ૧૯૯૦



સજા નહિ પણ કોક અનેરી મજા હોય તલસાટમાં,
વાટ ખરચી એ જ અમારી, યૌવનવનની વાટમાં.—૦
મોં માગ્યું સહુ હોયે સામે, છતાંય ભૂખ્યાં રહીએ;
હસતે મોઢે સહીએ સઘળું કશું ન કોઈને કહીએ,
લાગણીઓને લ્હાવા સઘળા રૂંધી હૃદય કબાટમાં...
સજા નહિ—૦

કદીક આંસુ કદીક અમૃત બેય એ પીરસે છે,
ભાવ ભાવના અને ઊર્મિઓ એમાંથી વિકસે છે,
છતાંય મન તો સદાય ચંચળ નિશદિન રહે ઉચાટમાં...
સજા નહિ—૦

પલટાયો જીવનપંથ એ ખબર નથી કયાં જાય?
ધીરજનું ધન સાચવો તો સહુ ધાર્યું થાય.

—૦

ગાનાર પાત્ર : સુવર્ણા અને અભય  નાટક : વિધાનાં વારસ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૨



જગમાં જેનું કોઈ નથી તેને અવિનાશીની સહાય છે,
એ સમય ઉપર સમજાય છે—૦
ભૂંડું કોઈનું કર્યું નથી એનું ભૂંડું કદી નવ થાય છે
એ સમય ઉપર સમજાય છે.—૦

કસ્યા વિના નહીં કુદરત આપે
શ્રદ્ધા આસ્થાનું બળ માપે
ત્રિવિધતાપ જ્યારે સંતાપે, હૈયાં ભાંગી જાય છે...એ.—૦

હોય પળેપળ ભલે કસોટી
ખોઇ ખુમારી બધી જ ખોટી
જગદીશ્વર રાખે તેમ રહીએ, એમાં બધું સમાય છે...એ.—૦

ગાનાર પાત્ર : સુવર્ણા, રાગિણી, રેણુકા      નાટક : વિધાનાં વારસ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૨



મનની વાતો, મન જાણે, એ કોઈને ના કહેવાય,
એવી મનની વાતો—૦

હોય મનોમન સાક્ષી ત્યારે વગર કહ્યે સમજાય
એવી મનની વાતો—૦

મઢૂલીનું મંદિર બને, એ છે મનનાં અભિલાષ.
પૂર્ણ સ્વરૂપે પ્રેમલક્ષણા, પામે તો જ પ્રકાશ
મરૂભૂમિમાં માન સરોવર એમાંથી સરજાય,
એવી મનની વાતો—૦

બોલે નહિ ગમ ખાતાં શીખે એ છે જેના લ્હાવ,
સંકટમાં પણ ખોળે સુખ, ને સાચવતું સદ્ભાવ
રહે ઝંખનામાં જીવતું, ને જીવતર જીતી જાય.
એવી મનની વાતો...મનની—૦

ગાનાર પાત્ર : સુવર્ણા અને અભય      નાટક : વિદ્યાનાં વારસ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૨



શુકનવંતો પહેલો ઉપહાર, સાલુડો આકાશી રંગનો,
એની કામણગારી છે કિનાર, સાલુડો આકાશી રંગનો.૦—

પંખીડાં પ્રેમનાં કોક નવી પ્યાસમાં
નાનકડી પાંખે એ ઊડે આકાશમાં
એના પિંજર સમો મનહાર, સાલુડો આકાશી રંગનો.૦—

નવા નવા મનોરથ મનમાં જગાવે.
તન અને યૌવનને મોહક બનાવે.
પ્રેમમંદિરનાં ખખડાવે દ્વાર, સાલુડો આકાશી રંગનો.૦—

રંગ શું જોવા જ્યાં હૈયાં રંગાયાં,
બદલાની આશ વિના જીવન અપાયાં.
સાખ પૂરે ચાંદાનો ચમકાર, સાલુડો આકાશી રંગનો.૦—

ગાનાર પાત્ર : ચિત્રલેખા, સુવર્ણા અને સખીઓ  નાટક : વિદ્યાનાં વારસ
શ્રી દેશી નાટક સમાજ ૧૯૬૨



એ શણગારો આપણાં.
અમોલા એ શણગારો આપણાં,
અનેરાં એ શણગારો આપણાં
શોભા અર્પે નિત્ય અવનવી, વિકસાવે સંસ્કાર
એ શણગારો આપણાં—૦

હોય નહિં જો પુનિત ભાવના મણીમૂકતા છે ભાર,
એ શણગારો આપણા—૦

સોળ કળાઓ સોળ અંગને સોળ સોળ શણગારો
અને લક્ષણો એથી બમણાં અર્પે વિવિધ વિચારો.
છતાંય સ્રીજીવનની માઝા મૂકે નહિ તલભાર...એ—૦

મંદગતિ મલકાતું મુખડું અર્ધ ઢળેલી આંખો
વદન મનોહર ચંદ્ર સમુ પણ ચંદ્ર ચમકે ઝાંખો.
ચંચળતાની સાખ પૂરે ઝાંઝરના ઝણકાર...એ—૦

એ શણગારો અંગે અંગે રસિકતા ખીલવે છે
છતાંય મન પર ને જીવનપર અંકુશ રાખી રે' છે
મોહકતા વનિતા જીવનમાં ભરે છે ભારોભાર...એ—૦

નાટક : સંત સમ્રાટ
(અપ્રકટ)

નીરખી લ્યો પળવાર પહેલાં, ધ્યાન ધરજો પછી
નિરાંતે ધ્યાન ધરજો પછી.

હોય સમર્પણ સાચાં તો સન્માન કરજો પછી,
નિરાંતે ધ્યાન ધરજો પછી.

દૃષ્ટી છે જોવા ખાતર તો કુતૂહલ ખાતર જુઓ,
સીધી નહિ તો આડી નજરે એક પળભર જુઓ.
આશ્વાસન એટલું તો આપો નિદાન કરજો પછી
ભાગ્યનાં વિધાન કરજો પછી.

નાટક : સંત સમ્રાટ
(અપ્રકટ)

એક સવારે, નદી કિનારે, બે પ્રેમીજન મળી ગયાં
સ્નેહ સમસ્યા, સરળ બની ગઈ, સંકટ બેયનાં ટળી ગયાં
બે પ્રેમીજન મળી ગયાં—૦

હતા સ્વમાની અને ગુમાની બેય સહજ મદમાતા.
અર્ધ ઉઘાડી આંખડીમાં ભાવ ખોળવા જાતાં.
એકબીજાની જોઇ પ્રતિમા એના નૈનો ઢળી ગયાં
બે પ્રેમીજન મળી ગયાં—૦

બળ્યાંઝળ્યાં એ દુખિયારાને નહોતી દુઃખની પરવા,
સ્નેહ-સાધના હતી અધૂરી એ પરિપૂરણ કરવા
અનુભવોનાં કડવા ઘૂંટડાં હસતે મોઢે ગળી ગયાં.
બે પ્રેમીજન મળી ગયાં—૦

નાટક : સંત સમ્રાટ
(અપ્રકટ)

પરત્માત્માની પરમ ચેતના ચમકે છે ચોપાસ
એ અમર સંજીવની...
અણુ અણુ ને પરમાણુંમાં એનો છે આભાસ
એ અમર સંજીવની...
ઘોર નિરાશા વ્યાપે જ્યારે,
સૂઝે નહિ કોઈ માર્ગ ત્યારે,
શ્રદ્ધાની એ કરે કસોટી અર્પે પુણ્યપ્રકાશ.
એ અમર સંજીવની...
અમર નથી આ જગ નશ્વર છે.
નાશવંત સહુના જીવતર છે.
અમર રહે છે પુણ્ય કર્મની સંસારે સુવાસ
એ અમર સંજીવની...

નાટક : સંત સમ્રાટ
(અપ્રકટ)



આથમતી સાંજે સુંદર ઉપવનમાં જાતીતી' એકલી,
ગીતડાં ગાતી'તી એકલી...

આંબાની ડાળીએ દીઠો મેં હીંચકો.
હિંચકા ખાતી'તી એકલી...ગીતડાં ગાતીતી એકલી—૦

માંડી પરખ એ પડતી મુકાયનાં.
શું કરવું કંઈયે સમજાયના.
મૂંઝવણીમાં હું મુંઝાતી'તી...એકલી—૦

સામે જોતાં એક હંસી નિહાળી
કહેવા આવી જાણે કાંઈક રઢિયાળી
અને કહેતાં અચકાતી, લચકાતી'તી એકલી,
ગીતડાં ગાતી'તી એકલી—૦

નાટક : સંત સમ્રાટ
(અપ્રકટ)

## સ્વ. પ્રભુલાલ દ્વિવેદીના નાટકો અને કથાનકો :—

| | | | |
|---|---|---|---|
| ૧. | દેવી વત્સલા | ૧૯૧૬ | ત્રિઅંકી નાટકો |
| ૨. | વીર કુણાલ | ૧૯૧૭ | ,, |
| ૩. | અહલ્યાબાઈ | ૧૯૧૮ | ,, |
| ૪. | શંકરાચાર્ય | ૧૯૧૮ | ,, |
| ૫. | કુમારપાળ | ૧૯૧૯ | ,, |
| ૬. | અરૂણોદય | ૧૯૨૦ | ,, |
| ૭. | સત્યપ્રકાશ | ૧૯૨૩ | ,, |
| ૮. | માલવપતિ | ૧૯૨૪ | ,, |
| ૯. | પૃથ્વીરાજ | ૧૯૨૫ | ,, |
| ૧૦. | સિરાજુદૌલા | ૧૯૨૫ | ,, |
| ૧૧. | સંસાર સાગર | ૧૯૨૬ | ,, |
| ૧૨. | શાલિવાહન | ૧૯૨૭ | ,, |
| ૧૩, | એક અબળા | ૧૯૨૭ | ,, |
| ૧૪. | માયાના રંગ | ૧૯૨૮ | ,, |
| ૧૫. | સત્તાનો મદ | ૧૯૨૮ | ,, |
| ૧૬. | કીર્તિસ્તંભ | ૧૯૨૯ | ,, |
| ૧૭. | અજય ધારા | ૧૯૨૯ | ,, |
| ૧૮. | ચેતન યુગ | ૧૯૩૦ | ,, |
| ૧૯. | અંશાવતાર | ૧૯૩૧ | ,, |
| ૨૦. | વીર ભૂષણ | ૧૯૩૧ | ,, |
| ૨૧. | સમુદ્રગુપ્ત | ૧૯૩૧ | ,, |
| ૨૨. | સાંભરરાજ | ૧૯૩૨ | ,, |
| ૨૩. | સમર કેસરી | ૧૯૩૩ | ,, |
| ૨૪. | યુગ પ્રભાવ | ૧૯૩૪ | ,, |
| ૨૫. | રાજમુગટ | ૧૯૩૫ | ,, |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | સાગર પતિ | ૧૯૩૫ | ત્રિઅંકી નાટકો |
| ૨૭. | સજ્જન કોણ | ૧૯૩૬ | ,, |
| ૨૮. | અક્ષયરાજ | ૧૯૩૮ | ,, |
| ૨૯. | વડીલોના વાંકે | ૧૯૩૮ | ,, |
| ૩૦. | ગંગા કિનારે | ૧૯૪૦ | ,, |
| ૩૧. | દૈવી સંકેત | ૧૯૪૧ | ,, |
| ૩૨. | સંપત્તિ માટે | ૧૯૪૧ | ,, |
| ૩૩. | સુર મોહિની | ૧૯૪૨ | ,, |
| ૩૪. | સંતાનોના વાંકે | ૧૯૪૩ | ,, |
| ૩૫. | સમય સાથે | ૧૯૪૫ | ,, |
| ૩૬. | ગાડાનો બેલ | ૧૯૪૬ | દ્વિઅંકી નાટકો |
| ૩૭. | શંભુ મેળો | ૧૯૪૭ | ,, |
| ૩૮. | સામે પાર | ૧૯૪૭ | ,, |
| ૩૯. | સાવિત્રી | ૧૯૪૮ | ,, |
| ૪૦. | સ્નેહ વિભૂતિ | ૧૯૪૮ | ,, |
| ૪૧. | ગોપીનાથ | ૧૯૪૯ | ,, |
| ૪૨. | સૈનિક | ૧૯૪૯ | ,, |
| ૪૩. | ગર્ભ શ્રીમંત | ૧૯૪૯ | ,, |
| ૪૪. | સુરેખા | ૧૯૪૯ | ,, |
| ૪૫. | સોનાનો સૂરજ | ૧૯૫૦ | ,, |
| ૪૬. | વૈભવના મોહ | ૧૯૫૧ | ,, |
| ૪૭. | ગુરૂ દક્ષિણા | ૧૯૫૧ | ,, |
| ૪૮. | વિદ્યા વારિધિ | ૧૯૫૧ | ,, |
| ૪૯. | ઉઘાડી આંખે | ૧૯૫૨ | ,, |
| ૫૦. | શ્રી ચરણે | ૧૯૫૨ | ,, |
| ૫૧. | સ્વાશ્રય | ૧૯૫૪ | ,, |
| ૫૨. | સેવા ભાવિ | ૧૯૫૫ | ,, |
| ૫૩. | શ્રવણ કુમાર | ૧૯૫૭ | ,, |

| | | | |
|---|---|---|---|
| ૫૪. | સુખના સાથી | ૧૯૬૦ | દ્વિઅંકી નાટક |
| ૫૫. | વિદ્યાના વારસ | ૧૯૬૨ | ,, |
| ૫૬. | સંત સમ્રાટ | (અપ્રકટ) | ,, |

— શાળાઓ (શિક્ષણ સંસ્થાઓ માટે —

| | | | |
|---|---|---|---|
| ૫૭. | સત્યની મહત્તા | ૧૯૨૪ | દ્વિઅંકી નાટક |
| ૫૮. | કોણ શ્રેષ્ઠ | ૧૯૨૬ | ,, |
| ૫૯. | દિકરી | ૧૯૪૦ | ,, |
| ૬૦. | દેવીનંદા | ૧૯૪૫ | ,, |
| ૬૧. | ઉપા સ્વપ્ન | રેકર્ડીંગ કંપની માટે | ,, |
| ૬૨. | વડીલનો વારસો | ,, | ,, |
| ૬૩. | ગુણવંતી | ,, | ,, |

**અડધાં અથવા અન્ય લેખકોના સહકારમાં રચાયેલાં નાટકો:-**

મેવાડી સૂર્ય — વીર વિજય — રાજા સંભાજી

પૃથ્વી પુત્ર — જશવંતસિંહ — રૂકમિણી સ્વયંવર

સતી દમયંતી — ઉપાકુમારી

—(૦)—

## ચલચિત્રની કથાઓ :—

1. ૧. અહલ્યાબાઈ
2. ૨. તુલસીદાસ
3. ૩. આયના-(ઘરાના) (ઘેર ઘેર માટીના ચૂલા ગુજરાતી)
4. ૪. વિક્રમાદિત્ય
5. ૫. શરબતી આંખે
6. ૬. મા બાપ કી લાજ (ઘર ઘર કી બાત)
7. ૭. બિંદિયા
8. ૮. દેવર (શાદી)
9. ૯. ગૃહસ્થી (ઘર બસાકે દેખો)
10. ૧૦. ગરીબી
11. ૧૧. ઘાયલ.
12. ૧૨. બહુરાની
13. ૧૩. ગુમાસ્તા
14. ૧૪. સાવકી મા— ગુજરાતી
15. ૧૫. મીરાંબાઈ ,,
16. ૧૬. અજામિલ ,,
17. ૧૭. વડીલોના વાંકે ,,
18. ૧૮. ગાડાના બેલ ,,
19. ૧૯. માલવપતિ ,,

## સ્વ. પ્રભુદાસ દ્વિવેદીનાં પ્રકાશનો :—

(૧) રંગદેવતાને ચરણે (૧૯૫૧) — કવિ નાટ્યકાર પ્રભુલાલ દ્વિવેદીનાં નાટ્ય જીવનનાં સંસ્મરણો
સંપાદન : રતિલાલ ત્રિવેદી
પ્રકાશક : ગાંડીવ સાહિત્ય મંદીર.

*

(૨) વિદ્યા વારિધિ ભારવિ–
દ્વિઅંકી નાટક– પ્રકાશક :
(૧૯૫૧) એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.

*

(૩) સામે પાર
જડભરત દ્વિઅંકી નાટક
(૧૯૫૬) ગુજરાતી નાટય મંડળનું પ્રકાશન.

*

(૪) ગુલઝારે શાયરી
(૧૯૬૨) ગઝલોનું પ્રકાશન
–વિજયા પ્રકાશન.

*

(૫) વાણી અને વીણા વાર્તાઓ અને ગીતો
(૧૯૬૩)

*

(૬) જગદ્‌ગુરૂ
શંકરાચાર્ય–
(૧૯૬૪) ત્રિઅંકી નાટક

*

(૭) સપ્તરંગ–
(૧૯૬૭) સાત નાટિકાઓ

*

(૮) વડીલોના વાંકે
(૧૯૭૦) ત્રિઅંકી નાટક

*

હવે પછી

માલપતિ મુંજ – ત્રિઅંકી નાટક
પૃથ્વીરાજ — ,,
અને વડીલોના વાંકે — (બીજી આવૃત્તિ)

—(૦)—

## Date Due

| | | | |
|---|---|---|---|
| 16/4/85 | | | |
| 14/8/86 | | | |
| 16/2/20 | | | |

LIBRARY.

76730

V891.471
Dvi/Bor

AUTHOR Dwivedi, Prabhulal

TITLE Borsalle, Juni Rang-bhumina geeto.

| DATE DUE | BORROWER'S NAME |
| --- | --- |
| 16/4/85 | S. Gokalgaonkar |
| 14/8/88 | M. B. Malgaonkar. |

V 891.471
Dvi/Bor

76730

## નાટ્ય મહર્ષિ
## પ્રભુલાલ દયારામ દ્વિવેદી

સાડાચાર દસકા સુધી ગુર્જર રંગભૂમિની અવિરત સેવા કરનાર સ્વ. પ્રભુલાલ દયારામ દ્વિવેદીનો જન્મ ૧૮૯૨ ના નવેમ્બરની ૧૫મી તારીખે સૌરાષ્ટ્રમાં વીરપુર મુકામે થયો હતો.

૧૯૧૫ની સાલમાં એમનું પ્રથમ નાટક 'દેવી વત્સલા' ભજવાયું. રંગભૂમિને આંગણે એમનો કીર્તિકલાપ 'અરુણોદય' નાટકથી વિસ્તર્યો. ૧૯૨૪ માં 'માલવપતિ મુંજ' નાટકે એમને કીર્તિકળશ અપાવ્યો.

મુંબઇ 'વડીલોના વાંકે' નાટકને શ્રી દ્વિવેદીના અદભૂત સર્જન તરીકે ઓળખે છે. ત્યારબાદ અવસાન પર્યંત શ્રી દેશી નાટક સમાજમાં એમણે સામાજિક અને પૌરાણિક નાટકો લખ્યાં છે જે આજે પણ લોકાદર પામતાં રહ્યાં છે. ૧૯૬૧ ના ફેબ્રુઆરીમાં ભારત સરકારે એમની કૃતિઓની ભવ્યતાનો આદર કરી દિલ્હી બોલાવી રાષ્ટ્રપતિચંદ્રક આપ્યો, સમસ્ત ભારતમાં ખ્યાતનામ બનાવી એમને મહાન ગૌરવથી વિભૂષિત કર્યા. ગુર્જર નાટયકારોમાં આ સન્માન પામનાર એ પહેલા જ નાટયકાર હતા.

શ્રી દ્વિવેદી સ્વભાવે સૌમ્ય, ચિંતનશીલ, ગાયત્રીના ઉપાસક, ધર્મપ્રેમી, કુટુંબવત્સલ અને સંસ્થાના અનન્ય ભક્ત હતા. ૧૯૬૨ની ૩૧મી જાન્યુઆરીની સંધ્યાએ સીત્તેર વર્ષની વયે જીવનયાત્રા પૂર્ણ કરી ગયા, છતાં અક્ષરદેહે ગુર્જર રંગભૂમિ રહેશે ત્યાં સુધી અમર જ છે અને રહેશે.

રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ

